# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૫મું

VOLUME : 22 • E ISSUE : 23 • PAGES : 32 • MUMBAI • DATE : 5TH JULY 2020 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


**અચલગચ્છાધિપતિ તપચક ચક્રવર્તી પ.પૂ. આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબ આદિ ઠાણા ૯ નું શ્રી ૭૨ જિનાલય તીર્થે ચાતુર્માસ પ્રવેશ સરકારી આદેશની પાલના પૂર્વક શુભ મૂહૂર્તે ચતુર્વિધ સંઘ અને મહાનુભાવોની હાજરીમાં થયેલ. પૂજ્યશ્રીઓને કોટી કોટી વંદન**














**તા. ૨૫-૬-૨૦ મહારાષ્ટ્રના ધુલિયા શહેરમાં પ.પુ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણા નો પ્રવેશ થયેલ.**





**આદ્યતંત્રીઓ**

**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાશ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
ડૉ. હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : ડૉ. હિરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા

**: ઑડીટર્સ :**
CA હિતેશ મણીકાંત ધરમશી

**અંક નં. ૨૩**
**Date : 05-07-2020**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
Tel.: 022-2508 4463/64/65
E-mail : kdoprakash@gmail.com

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ


**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463/64/65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

# નજર હટી તો દુર્ઘટના ઘટી

– ડૉ. હિરાચંદ દંડ – 7738508150



*આજે ભારતમાં કોરોના વધુને વધુ ફેલાઈ રહ્યો છે અને જલદીથી ભારત કોરોનામુક્ત થશે એવું નથી જણાતું. દરરોજ સંક્રમિત વ્યક્તિઓની સંખ્યા વધતી જ જાય છે. મુંબઈ-થાણા-ચેન્નઈ-દિલ્હી-બેંગ્લોર ખૂબજ ખરાબ રીતે અસરગ્રસ્ત બન્યા છે જ્યાં આવાગમન મર્યાદિત કરવામાં આવ્યું છે. ગુજરાતમાં પણ સંક્રમણ ઓછું નથી થયું પરંતુ કદાચ રાજકીય કારણોસર ચિત્ર સારું છે એમ રજુ કરવામાં આવી રહ્યું છે. મહારાષ્ટ્ર સરકાર કોરોનાને કાબુમાં રાખવામાં અને જનતાને યોગ્ય માર્ગદર્શન આપવામાં પણ નિષ્ફળ રહી છે. જનતાને ખબર નથી પડતી કે શું કરવું? કેમ કરીને જીવનને આગળ વધારવું?*

*આવી પરિસ્થિતિમાં આપણે પોતાએ જ પોતાની કાળજી રાખવી રહી. હવે ફક્ત સરકાર ઉપર નિર્ભર રહેવાને બદલે આપણા સ્વબચાવ માટે જરૂરી ઉપાયો આપણે જ કરવા રહ્યા. સરકારની કેટલીક પોલિસીના કારણે કોરોના માટેની જીવનબચાવ દવાઓ બજારમાં ઉપલબ્ધ નથી થઈ શકતી તેથી કદાચ અનેક દર્દીઓએ પોતાનું જીવન ગુમાવ્યું છે. ભારતના દરેક મહામાર્ગો ઉપર 'નજર હટી તો દુર્ઘટના ઘટી' આ સુત્ર આપણને ઠેરઠેર વાંચવા મળે છે, એવી જ પરિસ્થિતિ અત્યારે છે. જો થોડા પણ બેધ્યાન રહીશું, કાળજી નહિં લઈએ તો કોરોના સંક્રમણથી આરોગ્યલક્ષી સમસ્યા થી ઘેરાઈ જશું.*

*આપણી જ્ઞાતિના એનક સભ્યો પણ કોરોનાથી સંક્રમિત થયા છે. એટલે પ્રકાશ સમીક્ષાના વાચક મિત્રોને વિનંતી કરું છું કે જો આવશ્યક ન હોય તો ઘર બહાર ન નીકળવું, ભીડમાં ન જવું અને પોતાની કાળજી લઈ રોગ પ્રતિકાર શક્તિ વધારવાના ઘરેલુ ઉપાયો અવશ્ય હાથ ધરજો. આપણે એ સ્વીકારીને ચાલવું પડશે કે હજુ આ બીમારીના સંક્રમણ થી બચવા તથા બહાર જઈ કામ કરવા માટે બે-ચાર મહિના રાહ જોવી જ પડશે. કોરોનાથી મુક્ત થશું અને સારો સમય ફરી આવશે જ. દુનિયાના અનેક દેશો સંક્રમણ થી મુક્ત થઈ સામાન્ય જનજીવન તરફ આગળ વધી રહ્યા છે જે આશાસ્પદ બાબત છે. તેમજ કોરોનાથી બચાવનારી રસીનું પરિક્ષણ પણ અંતિમ તબક્કામાં પહોંચ્યુ છે એવું પ્રસાર માધ્યમો જણાવી રહ્યા છે.*

*શ્રી ડોંબિવલી ક.દ.ઓ. મંડળ દ્વારા કોવિડ-૧૯ ના ટેસ્ટ માટે ૫૦% રકમની મદદ આપવામાં આવી રહી છે જે ખૂબજ પ્રશંસનીય કાર્ય છે. ડોંબિવલી મંડળ દ્વારા લેવાયેલું આ સમયોચિત પગલું છે.*

*'નજર હટી તો દુર્ઘટના ઘટી' એ સુત્રને ધ્યાનમાં લઈ રોજીંદા જીવનમાં પોતાની સંભાળ લઈ સુરક્ષિત રહો એ જ વિનંતી.*

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## શ્રી તિલકચંદભાઈ (નિવૃત્ત આયકર કમિશનર) સંચાલિત વોટ્સઅપ સેવાઓ

શ્રી તિલકચંદભાઈએ આ લોકડાઉનના કાળમાં સમયનો ઉત્તમ સદઉપયોગ કરી વિવિધ વિષયો ઉપર વોટ્સઅપ ગ્રુપોનું નિર્માણ જ્ઞાતિબંધુઓ/બહેનોની મદદથી કર્યું છે અને જ્ઞાતિની સેવા માટે 'ડિજીટલ ટેક્નોલોજી'નો ઘરબેઠા ઉપયોગ કરીને ઉત્તમ ઉદાહરણ રજૂ કર્યું છે.

તેમના અને 'કેડીઓ દીપ' વાળા શ્રી દીપક ડાઘા (મુલુંડ) સંચાલિત ''નોકરી જોઇએ છે'' સેવાને દેશના ખણેખુણેથી જ્ઞાતિએ જોરદાર પ્રતિભાવ આપ્યો છે. ખાસ કરીને યુવાઓને આનો ખૂબજ લાભ થશે. શ્રી તિલકચંદભાઈ પ્રેરિત અને સંચાલિત વિવિધ વોટ્સઍપ ગ્રુપો ૧) ટપાલ ટિકિટ સંગ્રહ, ૨) સિક્કા અને ચલણી નોટોનો સંગ્રહ, ૩) લોજીસ્ટિક (ટ્રાન્સપોર્ટ), ૪) તેજાના મરીમસાલા ખેતીવાડી/વાવેતર, ૫) કલાકાર, ૬) જેમ એન્ડ જ્વેલરી, ૭) ઈન્સુરન્સ (વિમા), ૮) કામગાર વિષયક કાયદા (લેબર લો), ૯) પ્રીટીંગ અને પ્રકાશન, ૧૦) રિઅલ એસ્ટેટ, ૧૧) બ્યુટી (શણગાર) એપ અને ૧૧) કિચન ક્વીન અને સૌથી શિરમોર ૧૨) ''નોકરી જોઇએ છે''.

એક કે બે ગ્રુપને બાદ કરતાં બધાજ ગ્રુપને જબરજસ્ત પ્રતિસાદ મળ્યો છે. આપણી બહેનોની રાંધણ કળાની નિપૂણતા દર્શાવતા ''કિચન ક્વિન'' ના બે ગ્રુપ છે અને લગભગ ૫૦૦ બહેનો તેની સભ્ય છે. દર અઠવાડિયે દેશી અને વિદેશી પધ્ધતિથી બનાવેલી અનેક પ્રકારની વાનગીઓની રેસિપી મોકલવામાં આવે છે. ''નોકરી'' માટે વડોદરાના યુવાન ઉત્સાહિત કાર્યકર શ્રી ચંદ્રેશ દિનેશ નાગડા એ ''ગુગલ અરજી પત્રક'' તૈયાર કર્યું છે જેથી કરીને નોકરી ઇચ્છુકો પોતાની વિગતો બરાબર આપી શકે.

શ્રી તિલકભાઈ અને એમના સાથીદારો આ સેવા કાર્ય ચાલુ જ રાખશે એવી આશા. જરૂરથી ઉત્તમ સેવા બજાવશેજ સાથે સમય અને પૈસાનો પણ બચાવ કરશે.

'કેડીઓ દીપ'માં નોકરી જોઇએ છે એ માટે આવતી અરજીઓ કદઓ અને બીજા ગ્રુપોમાં મોકલવામાં આવે છે. જેથી કરીને જ્યાં પણ તક હોય તો તે આપણા કદઓને મળી શકે. આ માટેનું ગુગલ અરજી પત્રક વડોદરા ઉત્સાહી યુવાન સામાજીક કાર્યકર શ્રી ચંદ્રેશ દિનેશ નાગડા એ તૈયાર કરેલ છે અને એની લીંક કેડીઓ દીપમાં આપવામાં આવેલ છે.

આ કપરાકાળ દરમ્યાન શરૂ કરવામાં આવેલ ગ્રુપો આપણા જ્ઞાતિજનોને વિવિધ સ્તરે અનેક પ્રકારની તકો પૂરી પાડશે અને જ્ઞાતિને ખાસ કરી યુવા વર્ગને જ્ઞાતિની નજીક લાવશે એ વાતમાં શંકાને સ્થાન નથી.

**- ઉદયન શાહ** (તંત્રી મંડળ - પ્ર.સ.)

# ‘પ્રકાશ સમીક્ષા’ આપને પોસ્ટ દ્વારા મોકલાતું રહે એમ ઈચ્છો છો?

નામ ________________________ વતનનું ગામ ____________

સરનામું ________________________________________

________________________________________________

મોબાઈલ નં. ____________ ઈમેઈલ ____________ ફોન નં. ____________

**કાર્યાલય : પ્રકાશ-સમીક્ષા**
એ-૭૦૪, રેમી બિઝકોર્ટ,
વીરા દેસાઈ રોડની નજીક,
અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૫૩.

**લી. શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા સમિતિ**




# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

## દ્વારા આયોજીત

શાસનસમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. ના સમુદાયના
જિનશાસન શિરોમણિ, તપસ્ક ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ





### પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. ના આજ્ઞાવર્તી
### પ.પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતોના સંવત ૨૦૭૬ ના ચાતુર્માસની યાદી

## પદવીધરો

| | | |
|---|---|---|
| ૭૨ જિનાલય તીર્થ (કચ્છ) | તપસ્ક ચક્રવર્તી, જિનશાસન શિરોમણી અચલગચ્છાધિપતિ<br>પ.પૂ.આ.ભ. ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.<br>સૂરિમંત્રપંચપ્રસ્થાન આરાધક, જ્યોતિષાચાર્ય<br>પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા. (આદિ ઠાણા ૯) | ૦૨૮૩૪-૨૭૫૪૫૦ |
| મુંદ્રા (કચ્છ) | સાહિત્ય દિવાકર, રાજસ્થાન દિપક, સૂરિમંત્રપંચપ્રસ્થાન આરાધક<br>પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. (આદિ ઠાણા ૯) | ૨૧૬૩ ૫૪૧૨ |
| પાલીતાણા (કચ્છ) | સરળસ્વભાવી, ૧૦મા વરસીતપના આરાધક પ.પૂ.આ.ભ.શ્રી<br>કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. (આદિ ઠાણા ૨) | ૭૦૭૭૦૬૮૭૭૧ |
| ભુજીઆ | આત્મભાવધારી પ.પૂ.આ.ભ.શ્રી<br>મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા. (આદિ ઠાણા ૩) | ૯૦૨૧૯ ૫૦૦૮૯ |
| ગોધરા | પ્રવર્તિની મહત્તરા મુખ્ય સાધ્વી<br>પ.પૂ.સા.શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. (આદિ ઠાણા ૨) | ૦૨૮૩૪-૨૭૪૪૧૪ |

## ગુજરાત

| સ્થળ | પૂજ્યશ્રીનું નામ | ઠાણા | સંઘના ફોન નંબર |
|---|---|---|---|
| ૦૧) વડોદરા | પ.પૂ. મુનિરાજશ્રી જગવલ્લભસાગરજી મ.સા. | ૧ | ૦૨૬૫-૨૪૩૨૮૫૮ |
| ૦૨) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા. | ૨ | ૮૧૫૪૯ ૬૫૧૩૯ |
| ૦૩) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા. | ૬ | ૦૨૮૪૮-૨૫૨૧૩૭ |
| ૦૪) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી સત્યપ્રભાશ્રીજી મ.સા. | ૨ | |
| ૦૫) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.<br>પ.પૂ.સા.શ્રી અમીતપ્રજ્ઞાશ્રીજી મ.સા.<br>પ.પૂ.સા.શ્રી તત્ત્વપૂર્ણાશ્રીજી મ.સા. | ૧૩ | |
| ૦૬) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી દિવ્યગુણાશ્રીજી મ.સા. | ૨ | |
| ૦૭) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી નંદીવર્ધનાશ્રીજી મ.સા. | ૪ | |
| ૦૮) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી નંદીષેણાશ્રીજી મ.સા. | ૩ | |
| ૦૯) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. | ૪ | |
| ૧૦) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. | ૨ | |
| ૧૧) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. | ૨ | |
| ૧૨) અમદાવાદ | પ.પૂ.સા.શ્રી ભવ્યગુણાશ્રીજી મ.સા. | ૨ | ૯૮૨૫૦ ૦૮૫૦૦ |
| ૧૩) પાલીતાણા | પ.પૂ.સા.શ્રી આત્મકિરણાશ્રીજી મ.સા. | ૧ | |

**વૈયાવચ્ચ માટે સંપર્ક : ૮૨૦૯૧૩ ૯૫૮૦૧ / ૯૮૬૯૯ ૯૯૩૪૬**

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

## દ્વારા આયોજીત

### પ.પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતોના સંવત ૨૦૭૬ ના કચ્છમાં ચાતુર્માસની યાદી

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧) | શિવમસ્તુ તીર્થ | પ.પૂ. મુનિરાજશ્રી પૂર્ણભદ્રસાગરજી મ.સા. | ૧ | ૦૨૮૩૪-૨૭૭૭૭૭ |
| ૦૨) | વાંકી મોટી | પ.પૂ. મુનિરાજશ્રી મહાબલસાગરજી મ.સા. | ૨ | ૯૯૭૮૭૩૭૧૮૪ |
| ૦૩) | કાંડાગરા | પ.પૂ. મુનિરાજશ્રી કંચનસાગરજી મ.સા. | ૧ | ૦૨૮૩૮-૨૭૫૬૩૯ |
| ૦૪) | સુથરી તીર્થ | પ.પૂ. મુનિરાજશ્રી હિતવર્ધનસાગરજી મ.સા. | ૧ | ૦૨૮૩૧-૨૮૪૨૨૩ |
| ૦૫) | સાંધવ | પ.પૂ. મુનિરાજશ્રી આર્યરત્નસાગરજી મ.સા. | ૧ | ૦૨૮૩૧-૨૮૬૧૮૭ |
| ૦૬) | ગુણપાર્શ્વતીર્થ (દેઢીયા) | પ.પૂ. મુનિરાજશ્રી વીરશેખરસાગરજી મ.સા. | ૧ | ૯૮૨૦૯ ૧૪૭૪૪ |
| ૦૭) | ૭૨ જિનાલય તીર્થ | પ.પૂ.સા.શ્રી વિશ્વોદયશ્રીજી મ.સા. | | |
| | | પ.પૂ.સા.શ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા. | ૧૦ | ૦૨૮૩૪-૨૭૫૪૫૦ |
| ૦૮) | દેવપુર | પ.પૂ.સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા. | ૯ | ૦૨૮૩૪-૨૮૬૦૦૧ |
| ૦૯) | ૭૨ જિનાલય તીર્થ | પ.પૂ.સા.શ્રી જગતપ્રભાશ્રીજી મ.સા. | ૨ | ૦૨૮૩૪-૨૭૫૪૫૧ |
| ૧૦) | ૭૨ જિનાલય તીર્થ | પ.પૂ.સા.શ્રી ધર્મકીર્તિશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૪-૨૭૫૪૫૨ |
| ૧૧) | ડુમરા | પ.પૂ.સા.શ્રી યશોનિધિશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૪-૨૮૯૫૯૧ |
| ૧૨) | બિદડા | પ.પૂ.સા.શ્રી અભયગુણાશ્રીજી મ.સા. | ૫ | ૦૨૮૩૪-૨૪૪૫૮૪ |
| ૧૩) | કોટડા (રોહા) | પ.પૂ.સા.શ્રી અક્ષયગુણાશ્રીજી મ.સા. | ૫ | ૯૯૨૫૫૨૨૩૪૪ |
| ૧૪) | લાયજા | પ.પૂ.સા.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા. | ૫ | ૦૨૮૩૪-૨૮૩૩૩૫ |
| | | પ.પૂ.સા.શ્રી અનંતગુણાશ્રીજી મ.સા. | | |
| ૧૫) | ૭૨ જિનાલય | પ.પૂ.સા.શ્રી ભાવપૂર્ણાશ્રીજી મ.સા. | ૨ | ૦૨૮૩૪-૨૭૫૪૫૦ |
| ૧૬) | ભુજ | પ.પૂ.સા.શ્રી કીર્તિલતાશ્રીજી મ.સા. | ૨ | ૦૨૮૩૨-૨૨૪૧૯૧ |
| ૧૭) | દુર્ગાપુર | પ.પૂ.સા.શ્રી કીર્તિપ્રભાશ્રીજી મ.સા. | ૧ | ૦૨૮૩૪-૨૮૮૮૮૮ |
| ૧૮) | મેરાઉ | પ.પૂ.સા.શ્રી લક્ષગુણાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૪-૨૭૭૬૭૩ |
| ૧૯) | સુથરી | પ.પૂ.સા.શ્રી મહાયશાશ્રીજી મ.સા. | ૧ | ૦૨૮૩૧-૨૮૪૨૨૩ |
| ૨૦) | કાંડાગરા | પ.પૂ.સા.શ્રી જયપ્રભગુણાશ્રીજી મ.સા. | ૪ | ૦૨૮૩૮-૨૭૫૬૩૯ |
| ૨૧) | ભુજપુર | પ.પૂ.સા.શ્રી વીરગુણાશ્રીજી મ.સા. | ૫ | ૦૨૮૩૮-૨૪૦૦૨૩ |
| ૨૨) | શિવમસ્તુ | પ.પૂ.સા.શ્રી અમીતગુણાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૪-૨૭૭૭૭૭ |
| ૨૩) | નલીયાતીર્થ | પ.પૂ.સા.શ્રી મોક્ષદર્શનાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૧-૨૨૨૩૨૭ |
| ૨૪) | રામાણીયા | પ.પૂ.સા.શ્રી કલ્પરત્નાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૮-૨૭૩૬૮૧ |
| ૨૫) | રોહી | પ.પૂ.સા.શ્રી દેવ્યગુણાશ્રીજી મ.સા. | ૪ | ૦૨૮૩૪-૨૮૫૫૬૩ |
| ૨૬) | ડોણ | પ.પૂ.સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૪-૨૮૮૪૯૩ |
| ૨૭) | નાના આસંબીયા | પ.પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. | ૧ | ૯૭૨૬૬૮૨૩૮૭ |
| ૨૮) | માંડવી | પ.પૂ.સા.શ્રી પૂર્ણગુણાશ્રીજી મ.સા. | ૩ | ૯૪૨૯૧૨૫૪૭૩ |
| ૨૯) | ગઢશીશા | પ.પૂ.સા.શ્રી કુમુદકિરણાશ્રીજી મ.સા. | ૪ | ૦૨૮૩૪-૨૮૬૨૩૯ |
| ૩૦) | બાડા | પ.પૂ.સા.શ્રી વિરાગગુણાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૪-૨૭૩૩૩૩ |
| ૩૧) | મોટા આસંબીયા | પ.પૂ.સા.શ્રી રત્નત્રયાશ્રીજી મ.સા. | ૨ | ૦૨૮૩૪-૨૮૧૩૨૮ |
| ૩૨) | નાંગલપુર | પ.પૂ.સા.શ્રી દિવ્યકિરણાશ્રીજી મ.સા. | ૨ | ૦૨૮૩૪-૨૨૩૦૯૦ |
| ૩૩) | કોડાય | પ.પૂ.સા.શ્રી તીર્થરત્નાશ્રીજી મ.સા. | ૨ | ૦૨૮૩૪-૨૭૫૫૨૬ |
| ૩૪) | કુવરા | પ.પૂ.સા.શ્રી પ્રશમપૂર્ણાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૧-૨૮૩૨૨૩ |
| ૩૫) | નવનીતનગર (ભુજ) | પ.પૂ.સા.શ્રી દેવપૂર્ણાશ્રીજી મ.સા. | ૨ | ૯૮૨૪૨૫૮૧૦૧ |
| | | પ.પૂ.સા.શ્રી દિવ્યકલાશ્રીજી મ.સા. | | |
| ૩૬) | રાયધણજર | પ.પૂ.સા.શ્રી નયગુણાશ્રીજી મ.સા. | ૧ | ૯૮૨૫૧ ૩૦૬૪૧ |
| ૩૭) | તલવાણા | પ.પૂ.સા.શ્રી પુનીતગુણાશ્રીજી મ.સા. | ૨ | ૯૭૨૬૬ ૮૧૫૯૫ |
| ૩૮) | ભુજ | પ.પૂ.સા.શ્રી આગમકિરણાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૮૩૨-૨૨૪૧૯૧ |
| ૩૯) | જખૌ તીર્થ | પ.પૂ.સા.શ્રી સામ્યગુણાશ્રીજી મ.સા. | ૧ | ૦૨૮૩૧-૨૮૭૨૨૪ |
| ૪૦) | તેરા તીર્થ | પ.પૂ.સા.શ્રી સૌમ્યગીરાશ્રીજી મ.સા. | ૨ | ૦૨૮૩૧-૨૮૯૨૨૩ |
| ૪૧) | ભોજાય | પ.પૂ.સા.શ્રી કનકગુણાશ્રીજી મ.સા. | ૫ | ૦૨૮૩૪-૨૯૮૬૧૬ |
| ૪૨) | કોઠારા | પ.પૂ.સા.શ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. | ૧ | ૦૨૮૩૧-૨૮૨૨૩૫ |

**વૈયાવચ્ચ માટે સંપર્ક : ૮૨૦૯૧૩ ૯૫૮૦૧ / ૯૮૧૯૯ ૯૯૩૪૬**

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

## દ્વારા આયોજીત

## પ.પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતોના સંવત ૨૦૭૬ ના મુંબઈમાં ચાતુર્માસની યાદી....

| | | | |
|---|---|---|---|
| ૦૧) થાણા | પ.પૂ. મુનિરાજશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. | ૨ | ૨૫૪૦૪૪૬૬ |
| ૦૨) નવનીતનગર (ડોંબીવલી) | પ.પૂ. મુનિરાજશ્રી તીર્થરત્નસાગરજી મ.સા. | ૬ | ૮૮૭૯૦ ૦૯૩૦૭ |
| ૦૩) ઘાટકોપર | પ.પૂ.સા.શ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. | | ૨૫૦૧૦૨૨૯ |
| | પ.પૂ.સા.શ્રી હર્ષગુણાશ્રીજી મ.સા., | | |
| | પ.પૂ.સા.શ્રી જયગુણાશ્રીજી મ.સા. | ૧૦ | |
| ૦૪) ચેમ્બુર | પ.પૂ.સા.શ્રી કીર્તિગુણાશ્રીજી મ.સા. | ૧ | ૯૮૬૭૦૫૦૦૩૭ |
| ૦૫) કાંદીવલી | પ.પૂ.સા.શ્રી નયપૂર્ણાશ્રીજી મ.સા. | ૪ | ૨૮૦૧ ૧૦૪૦ |
| ૦૬) સાંતાક્રુઝ (ઈસ્ટ) | પ.પૂ.સા.શ્રી સુશીલગુણાશ્રીજી મ.સા. | ૨ | ૨૬૧૪ ૪૨૨૨ |
| ૦૭) મલાડ | પ.પૂ.સા.શ્રી હિરણ્યગુણાશ્રીજી મ.સા. | ૫ | ૨૮૮૦ ૧૪૨૧ |
| ૦૮) દહીંસર | પ.પૂ.સા.શ્રી નયદર્શનાશ્રીજી મ.સા. | ૩ | ૨૮૨૮ ૧૧૦૬ |
| ૦૯) નવી મુંબઈ | પ.પૂ.સા.શ્રી ચારુદર્શનાશ્રીજી મ.સા. | ૨ | ૨૭૬૫ ૮૬૦૧ |
| ૧૦) માટુંગા | પ.પૂ.સા.શ્રી નયગુણાશ્રીજી મ.સા. | ૨ | ૨૪૦૧ ૩૬૩૧ |
| ૧૧) ગોરેગામ | પ.પૂ.સા.શ્રી ભાવગુણાશ્રીજી મ.સા. | ૩ | ૨૮૭૬ ૮૨૪૬ |
| ૧૨) લાલવાડી | પ.પૂ.સા.શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા. | ૩ | ૨૪૭૧ ૦૩૮૦ |
| ૧૩) વાંદરા | પ.પૂ.સા.શ્રી વિશ્વકીર્તિશ્રીજી મ.સા. | ૨ | ૯૭૬૯૦૬૬૬૭૬ |
| ૧૪) સાંતાક્રુઝ (વેસ્ટ) | પ.પૂ.સા.શ્રી સિદ્ધિવર્ષાશ્રીજી મ.સા. | ૨ | ૭૦૨૧૫ ૩૩૦૧૮ |
| ૧૫) ડોંબીવલી | પ.પૂ.સા.શ્રી અનંતકિરણાશ્રીજી મ.સા. | ૪ | ૦૨૫૧-૨૪૪૯૬૦૫ |
| ૧૬) ભાયંદર | પ.પૂ.સા.શ્રી દિવ્યપૂર્ણાશ્રીજી મ.સા. | ૨ | ૯૮૩૩૮૮૩૮૩૬ |
| ૧૭) નાલાસોપારા (ઈસ્ટ) | પ.પૂ.સા.શ્રી લક્ષગુણાશ્રીજી મ.સા. | ૫ | ૦૨૫૦-૨૪૩૨૪૪૫ |
| ૧૮) મસ્જીદબંદર | પ.પૂ.સા.શ્રી તારકગુણાશ્રીજી મ.સા. | ૩ | ૨૩૪૪ ૮૨૭૪ |
| ૧૯) જગડુશાનગર (ઘાટકોપર વેસ્ટ) | પ.પૂ.સા.શ્રી અમીવર્ષાશ્રીજી મ.સા. | ૨ | ૨૫૧૬ ૫૦૮૫ |
| ૨૦) પરેલ | પ.પૂ.સા.શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા. | ૪ | ૨૪૧૩ ૬૯૩૪ |
| ૨૧) રાવલપાડા (દહીંસર ઈસ્ટ) | પ.પૂ.સા.શ્રી પદ્મગુણાશ્રીજી મ.સા. | ૧ | ૮૪૩૩૪ ૭૫૬૧૮ |
| ૨૨) જોગેશ્વરી (ઈસ્ટ) | પ.પૂ.સા.શ્રી તપોગુણાશ્રીજી મ.સા. | ૩ | ૨૮૨૪ ૦૩૦૦ |
| ૨૩) ભાંડુપ | પ.પૂ.સા.શ્રી જ્ઞાનગુણાશ્રીજી મ.સા. | ૩ | ૯૮૩૩૦૩૯૯૮૦ |
| ૨૪) પાર્લા | પ.પૂ.સા.શ્રી ધ્યાનગુણાશ્રીજી મ.સા. | ૩ | ૨૬૧૩ ૯૮૦૬ |
| ૨૫) મુલુંડ (વેસ્ટ) | પ.પૂ.સા.શ્રી કલ્પપ્રિયાશ્રીજી મ.સા. | ૨ | ૨૫૬૭ ૧૧૭૦ |
| ૨૬) અંબરનાથ | પ.પૂ.સા.શ્રી પરહિતપૂર્ણાશ્રીજી મ.સા. | ૧ | ૯૪૨૨૬૬૩૬૦૬ |
| ૨૭) દાદર (ઈસ્ટ) | પ.પૂ.સા.શ્રી સમકિતગુણાશ્રીજી મ.સા. | ૩ | ૨૪૧૧ ૦૮૯૦ |
| ૨૮) કાંજુરમાર્ગ | પ.પૂ.સા.શ્રી રમ્યકિરણાશ્રીજી મ.સા. | ૧ | ૮૬૮૯૯૯૬૩૬૬ |
| ૨૯) વડાલા | પ.પૂ.સા.શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. | ૨ | ૨૪૧૨ ૫૬૬૮ |
| ૩૦) ગોવર્ધનનગર (મુલુંડ વે) | પ.પૂ.સા.શ્રી વાચંયમાશ્રીજી મ.સા. | ૧ | ૯૮૯૨૨૮૦૭૬૮ |
| ૩૧) ચીંચબંદર | પ.પૂ.સા.શ્રી ભાવિતગુણાશ્રીજી મ.સા. | ૨ | ૨૩૭૦ ૯૦૩૫ |

**વૈયાવચ્ચ માટે સંપર્ક : ૮૨૦૧૩ ૯૫૮૦૧ / ૯૮૬૯૯ ૯૯૩૪૬**

# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વે. જૈન સંઘ

## દ્વારા આયોજીત

## પ.પૂ. શ્રમણ-શ્રમણી ભગવંતોના સંવત ૨૦૭૬ ના મહારાષ્ટ્ર / રાજસ્થાન / મધ્ય પ્રદેશ / આંધ્રપ્રદેશમાં ચાતુર્માસની યાદી....

| સ્થળ | પૂજ્યશ્રીનું નામ | ઠાણા | સંઘના ફોન નંબર |
|---|---|---|---|
| ૦૧) શ્રીરામપુર (મહારાષ્ટ્ર) | પ.પૂ. મુનિરાજશ્રી પુણ્યોદયસાગરજી મ.સા. | ૨ | ૯૮૫૦૦ ૮૮૧૬૬ |
| ૦૨) પાલી (રાજસ્થાન) | પ.પૂ. મુનિરાજશ્રી કમલપ્રભસાગરજી મ.સા. | ૪ | ૯૯૫૦૦૦૪૧૪૨ |
| ૦૩) સાંગલી (મહારાષ્ટ્ર) | પ.પૂ. મુનિરાજશ્રી ચિત્તરક્ષિતસાગરજી મ.સા. | ૧ | ૦૪૨૨૪૦૮૦૪૩ |
| ૦૪) ધરણગામ (મહારાષ્ટ્ર) | પ.પ.સા.શ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા. | ૪ | ૯૪૨૩૪૯૨૭૨૪ |
| ૦૫) શેગાંવ (મહારાષ્ટ્ર) | પ.પૂ.સા.શ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. | ૩ | ૯૪૨૨૧ ૮૨૧૬૬ |
| ૦૬) પારોલા (મહારાષ્ટ્ર) | પ.પૂ.સા.શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. | ૪ | ૦૨૫૯૭-૨૨૨૪૪૦ |
| ૦૭) દેવળાલી (મહારાષ્ટ્ર) | પ.પૂ.સા.શ્રી કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. | ૩ | ૦૨૫૩-૨૪૯૩૫૨૪ |
| ૦૮) હાતોદ (એમ.પી.) | પ.પૂ.સા.શ્રી સમ્યગ્દર્શનાશ્રીજી મ.સા. | ૨ | ૮૧૦૯૮ ૩૮૪૦૮ |
| ૦૯) પાલી (રાજ.) | પ.પૂ.સા.શ્રી નિતીગુણાશ્રીજી મ.સા. | ૩ | ૮૬૦૭૭૮૪૧૪૦ |
| ૧૦) ઉદયપુર (રાજ.) | પ.પૂ.સા.શ્રી સમયગુણાશ્રીજી મ.સા. | ૨ | ૯૪૧૪૨૩૫૧૬૬ |
| ૧૧) ચાલીસગામ (મહારાષ્ટ્ર) | પ.પૂ.સા.શ્રી હર્ષનીધીશ્રીજી મ.સા. | ૨ | ૭૫૮૮૬૪૭૯૦૩ |
| ૧૨) બાડમેર (રાજસ્થાન) | પ.પૂ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. | ૨ | ૦૨૯૮૨-૨૨૧૮૭૨ |
| ૧૩) હૈદ્રાબાદ (એ.પી.) | પ.પૂ.સા.શ્રી તરૂલતીનાશ્રીજી મ.સા. | ૩ | ૦૪૦-૨૭૫૫૧૬૦૫ |


| | ચાતુર્માસ | શ્રમણ | શ્રમણી | કુલ |
|---|---|---|---|---|
| કચ્છ | ૪૪ | ૧૬ | ૧૧૫ | ૧૩૧ |
| મુંબઈ | ૩૨ | ૧૭ | ૭૮ | ૯૫ |
| મહારાષ્ટ્ર | ૮ | ૬ | ૧૬ | ૨૨ |
| ગુજરાત | ૧૪ | ૩ | ૪૩ | ૪૬ |
| મધ્યપ્રદેશ | ૧ | - | ૨ | ૦૨ |
| રાજસ્થાન | ૪ | ૪ | ૭ | ૧૧ |
| આંધ્રપ્રદેશ | ૧ | - | ૩ | ૩ |
| કુલ | ૧૦૪ | ૪૬ | ૨૬૪ | ૩૧૦ |

લિ. : પ્રમુખ, અધિકારીઓ, ટ્રસ્ટીગણ, કારોબારીગણ તથા વૈયાવચ્ચ સમિતિ

વૈયાવચ્ચ માટે સંપર્ક : ૮૨૦૧૩ ૯૫૮૦૧ / ૯૮૬૯૯ ૯૯૩૪૬

# મળવા જેવા માણસ

## શ્રી પ્રવિણભાઈ માણેકજી મૈશેરી, નાની સિંધોડી (રાયપુર)



આજે આપણી જ્ઞાતિના આગેવાન તથા બહુમુખી પ્રતિભા ધરાવતા શ્રી પ્રવિણભાઇ સાથેનો ટેલિફોનિક સંવાદ આપની સમક્ષ રજુ કરતા આનંદ અનુભવું છું.

શ્રી પ્રવિણભાઇનો જન્મ તથા ઉછેર રાયપુરમાં થયો. રાયપુર છત્તીસગઢનું પાટનગર છે જેની વસતી ૨૨ લાખ જેટલી છે. છત્તીસગઢની રચના ઇ.સ. ૨૦૦૦માં થઇ તે પહેલા તે મધ્ય પ્રદેશ રાજ્યનો ભાગ હતો. રાયપુરમાં ૫૬ જેટલા ક.દ.ઓ. પરિવારો વસે છે જેઓ સુવ્યવસ્થિત છે. રાયપુરની આસપાસના ધમતરીમાં ૭ ક.દ.ઓ. પરિવારો, ભાટાપારામાં ૪, ભિલાઇમાં ૪, અને જગદલપુરમાં ૧ ક.દ.ઓ. પરિવાર એમ કુલ ૭૨ પરિવારો રાયપુર મહાજનના નેજા હેઠળ કાર્યરત છે.

શ્રી પ્રવિણભાઇ કોમર્સ એન્ડ લો ગ્રેજ્યુએટ છે. તેઓ મહાવીર ટ્રેડીંગ નામે દાળ અને અનાજના પૈતૃક વ્યાપારમાં કાર્યરત છે. તેઓશ્રીએ બે મુદત શ્રી રાયપુર મહાજનના પ્રમુખપદે સેવા આપી છે. તથા રાયપુર દેરાસરના ટ્રસ્ટી તરીકે અનેક વર્ષો કાર્યરત હતા. વધુમાં શ્રી ગુજરાતી શિક્ષણ સંઘ- રાયપુર મંત્રી તરીકે ત્રણ મુદત માટે તથા ઉપપ્રમુખ પદે ત્રણ મુદત માટે સેવા આપેલી છે. શ્રી છત્તીસગઢ કચ્છી જૈન સંઘના મંત્રી તરીકે પણ રહ્યા છે તથા સમસ્ત મહાજનમાં મધ્ય પ્રદેશ – છત્તીસગઢના પ્રતિનિધી ટ્રસ્ટી તરીકે પણ બે વર્ષ રહ્યા છે.

વર્તમાનમાં તેઓશ્રી હિંદી માસિક 'તત્પર'ના તંત્રી તરીકે છેલ્લા વીસ વર્ષોથી, છત્તીસગઢમાં સ્વદેશી મેલા આયોજીત કરે છે તેવા સેન્ટર ફોર ભારતીય માર્કેટીંગ ડેવલપમેન્ટ (C.B.M.D.) માં ટ્રસ્ટી તરીકે, મહિલાઓને સ્વનિર્ભર બનાવવા રૂા. ૫૦૦૦૦/– ની આર્થિક સહાય કરનારા સંગેવારી ફાઉન્ડેશનના ટ્રસ્ટી તરીકે, વિદ્યાર્થી કલ્યાણ ન્યાસ – છત્તીસગઢ રાજ્યના મંત્રી અને ટ્રસ્ટી તરીકે, દિનદયાલ ઉપાધ્યાય માનવ અધ્યયન શોધપીઠના ચેરમેન તરીકે તથા કુશાભાઉ ઠાકરે પત્રકારિતા વિશ્વ વિદ્યાલયમાં સંચાલક તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

સમાજ કલ્યાણ માટે આટલી શક્તિ, સમર્પણ અને ઉત્સાહથી કાર્યરત આગેવાન મેં ખૂબજ ઓછા જોયા છે. પ્રવિણભાઇ એમાંના એક છે.

પ્ર.સ.: આપ ધંધાની જવાબદારીઓ સંભાળવાની સાથે સાથે આટલી બધી સમાજસેવાની પ્રવૃત્તિઓ માટે સમય કઇ રીતે ફાળવો છો ?

પીએમ. : 'મન હોય તો માળવે જવાય' મેં જે કોઇ સંસ્થામાં પદ સ્વીકાર્યું એ બધી સંસ્થાઓને ઉચીત સમય આપુ છું. હું સંસ્થાઓ માટે જરૂરી કાર્ય અંગે ધ્યાન આપી સમયનું આયોજન કરૂં છું.

પ્ર.સ.: તમે સમસ્ત મહાજનના ટ્રસ્ટી હતા પરંતુ મુદત પહેલા જ રાજીનામું આપી દીધું એનું કોઇ કારણ ?

પી.એમ. : સમસ્ત મહાજનના વર્તમાન પદાધિકારીઓ સંસ્થાને કાર્પોરેટ રીતે ચલાવવા ઇચ્છે છે જેની સાથે હું સહમત નહોતો. હું માનું છું કે સ્થાનિક મહાજનને તેમની રીતે સ્થાનિક જરૂરતો મુજબ કાર્ય કરવા આપવું જોઇએ તેમજ સ્થાનિક મહાજનોને યોગ્ય મહત્વ પણ આપવું જોઇએ

સમસ્ત મહાજનના વર્તમાન પદાધિકારીઓ ઇચ્છે છે કે સ્થાનિક મહાજનો ફક્ત તેમના માર્ગદર્શન મુજબ જ કાર્ય કરે, જેની સાથે હું સહમત નહોતો. દરેક મહાજનને તેમનો પોતાનો વારસો છે અને તેઓને તેમની રીતે કાર્ય કરવા આપવું જ જોઇએ.

પ્ર.સઃ સમસ્ત મહાજન કોર્પોરેટ રીતે જ્ઞાતિ કલ્યાણ માટે કાર્ય કરે તેમાં ખોટું શું છે? કદાચ તેનાથી વધુ સારા પરિણામો મળે.

પી.એમ.: હું કોર્પોરેટ પધ્ધતિની વિરૂધ્ધ નથી પરંતુ મોટા આંકડા બતાવી ગુલાબી ચિત્ર રજુ કરવાથી આપણી જ્ઞાતિની જરૂરતો પુરી ન થઇ શકે.

પ્ર.સ.: તાજેતરમાં સમસ્ત મહાજન દ્વારા પ્રદર્શિત થયેલા વિડીઓ તમે જોયા છે ? એ અંગે આપનો શું અભિપ્રાય છે ?

પી.એમ.: મેં બે વિડીઓ જોયા છે જે સારા છે પણ આ સપનાઓ સાકાર કઇ રીતે થઇ શકે ? અને આપણી જ્ઞાતિની જરૂરતો કેટલા અંશે પુરી થાય એ મોટો પ્રશ્ન છે. મેડિકલ કૉલેજ શરૂ કરવા રૂા. ૫૦૦ કરોડની જરૂર પડે. યુનીવર્સીટી શરૂ કરવી હોય તો વિધાનસભામાંથી મંજુરી મેળવવી પડે. અને આપણી જ્ઞાતિના કેટલા સભ્યો આવી સુવિધાઓથી લાભાન્વિત બનશે ? શ્રી તરૂણભાઇ લોડાયાએ ઉજ્જૈનમાં યુનીવર્સીટી શરૂ કરી છે અને અમૂક સંખ્યામાં ક.દ.ઓ. વિદ્યાર્થીઓને ડોનેશન વિના એડમિશન આપવાની જાહેરાત

કરી છે. પણ મારી માહિતી મુજબ આજ દિવસ સુધી એકપણ ક.દ.ઓ. વિદ્યાર્થીએ એનો લાભ લીધો નથી.

આપણી જ્ઞાતિની જરૂરતો અને પ્રાધાન્યતા અલગ છે. મોટા સપના જોવા એ સારી વાત છે. પરંતુ એ આપણી જ્ઞાતિ માટે હિતકારક છે ? એ જોવું રહ્યું.

આપણી કે.ડી.ઓ. બેંક તો છેજ. શ્રી અરિહંત કો.ઑ. બેંક ઇ.સ. ૧૯૮૪ થી મુંબઇમાં કાર્યરત છે. આપણી જ્ઞાતિની વસતીના ૫૦% જ્ઞાતિજનો મુંબઇમાં જ વસે છે. બીજી બેંક બનાવવાને બદલે અરિહંત બેંકને જ મજબુત બનાવવી જોઇએ. આપણી જે સંસ્થાઓ, વ્યવસ્થાઓ છે એને મજબુત બનાવવી જોઇએ. ટેકો આપવો જોઇએ. નવી સંસ્થાઓ બનાવવાને બદલે જુની સંસ્થાઓમાં આવશ્યક ફેરફાર લાવી કાર્યશીલતા વધારવી જોઇએ.

વૃધ્ધાશ્રમોની સ્થાપનાને પ્રોત્સાહન ન આપવું જોઇએ અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટની ઓફિસને આપણી જ્ઞાતિની બધી પ્રવૃત્તિઓમાં મધ્યસ્થ કાર્યાલય તરીકે ઉપયોગમાં લેવી જોઇએ.

પ્ર.સ.: આપણી જ્ઞાતિની પ્રાથમિક, પ્રાધાન્ય જરૂરતો તમારા મંતવ્ય મુજબ કઇ કઇ છે?

પી.એમ.: આપણા યુવાનો માટે સ્કીલ ડેવલપમેન્ટની સુવિધાઓ ઉભી કરવી જોઇએ. કોઇપણ કારણસર જેઓ ઉચ્ચ અભ્યાસ નથી કરી શકતા તેમને આ વ્યવસ્થાનો લાભ મળી શકે.

આપણા વિદ્યાર્થીઓને વધુ આર્થિક ટેકો તથા સહાયતા આપવી જોઇએ કારણ કે અત્યારે જે અપાય છે. તે અપુરતી છે. જ્ઞાતિની મહિલાઓને મદદરૂપ થવા ગૃહઉદ્યોગનો વધુ મોટા પાયે દરેક મથકે વિકાસ કરવો જોઇએ. અહિં કોર્પોરેટ પધ્ધતિ સારૂં કામ કરી શકે. આપણી જ્ઞાતિના પરિવારોને કચ્છમાં વસવા માટે પ્રોત્સાહિત કરવા જોઇએ જેથી જ્ઞાતિની કચ્છ ખાતેની મિલકતોનો રખરખાવ સારી રીતે થાય તથા તેઓ પણ સારૂં તંદુરસ્ત જીવન જીવી શકે.

પ્ર.સ.: પ્રવિણભાઇ, આપ રાયપુર ખાતે રાજકીય, સામાજીક તથા વ્યવસાયિક રીતે ખૂબજ સક્રિય છો, આપે રાયપુરમાં ક.દ.ઓ. પરિવારોને વસાવવા માટે વિચાર્યું છે ?

પી.એમ.: મેં આવું ક્યારેય વિચાર્યુ નથી. આ ખૂબજ સરસ વિચાર છે અને હવેથી હું જરૂરતમંદ પરિવારોને અહિં આવીને વસવા માટે પ્રોત્સાહિત કરીશ તથા અહિં આવશે તેમને સહાયરૂપ પણ થઇશ. ખરેખર તો રાયપુરમાં વસતા દરેક ક.દ.ઓ. પરિવારો તેમને સહાયરૂપ થશે એમ પણ કહીશ. અને હું દરેક ક.દ.ઓ. માટે આ અંગે ઉપલબ્ધ રહીશ.

પ્ર.સ.: શ્રી પ્રવિણભાઇ મૈશેરી આપનો ખૂબ ખૂબ આભાર....

**– ડૉ. હિરાચંદ દંડ, Mob.: 7738508150**

## શ્રી પ્રવિણભાઇ નરશી દંડ ને શ્રધ્ધાંજલિ



ઇ.સ. ૧૯૯૧માં શ્રી મહારાષ્ટ્ર એકમના ઉપક્રમે યોજાયેલ ''યુવામંચ''ના કાર્યક્રમમાં વક્તા તરીકે તેમજ કાર્યક્રમના સંચાલક તરીકે ઉપસ્થિત થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સ્વ. પુ. શ્રી નરશી જેઠાભાઇ દંડના આગ્રહ અને આશીર્વાદ થી લાગલગાટ ઇ.સ. ૧૯૯૮ સુધી સહભાગી થવાના મોકા મળતા રહ્યા.

મલકાપુરના ''યુવામંચ''ના કાર્યક્રમમાં સહભાગી થતા એક કર્તવ્યનિષ્ઠ, પડ્યો બોલ ઝીલી લેનારા, હસતા મુખે પારાવાર મુશ્કેલીમાંથી માર્ગદર્શન કરી સફળતાના શિખર સર કરાવનારા, આધુનિક વ્યવસ્થાપનના ગુરૂ તરીકેની કુશળતાના દર્શન કરાવતુ એક અનોખું વ્યક્તિમત્વ એટલે શ્રી પ્રવિણભાઇ જેમને સૌ (બૉસ)ના હુલામણા નામે ઓળખતા.

શ્રી પ્રવિણભાઇ એટલે પડદા પાછળનો કાર્યકર્તા, વ્યાસપીઠ થી દુર રહેનારી વ્યક્તિ પણ સંઘ સંચાલક (ટીમ લીડર) તરીકેની બેનમુન કુશળતા જેમાં મેં અનુભવી છે અને જીવનમાં ઉતારવાનાં પ્રયત્નો કર્યો છે. જેમના શબ્દકોશમાં "Impossible" શબ્દ જ નહોતો એ વ્યક્તિને મારી ભાવપૂર્વક શ્રધ્ધાંજલિ.

પ્રભુ તેમના આત્માને શાંતિ આપે અને કુટુંબીજનો તેમજ સમાજને આ આઘાત ઝીલવાની ક્ષમતા પ્રદાન કરે એજ પ્રાર્થના.


**– સોમ ધરમશી**

### સુધારો :

પ્રકાશ સમીક્ષા અંક ૨૨ તા. ૨૦-૬-૨૦૨૦ના અંકમાં પારોલા તીર્થના સમાચારમાં આયંબિલ તપના લાભાર્થી પરિવાર માતુશ્રી માનબાઇ દામજી મૈશેરી (લાલા) મુંબઇ વાંચવું.

# ''જૈન ધર્મ મારી દ્રષ્ટિએ...'' મણકો-૧૩

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭



(ગતાંકથી ચાલુ..)

**દીક્ષા અને તપ** :- સત્યની સાધના માટે દીક્ષા પણ જોઈએ અને તપસ્યા પણ જોઈએ.

**તપનો અર્થ છે** :- દરેક ઈન્દ્રિયો ઉપર સંયમ. કોઈપણ લક્ષ્ય માટે, ઉપલબ્ધિ મેળવવા માટે તપ કરવું જ પડે છે. ધર્મને પામવા માટે તપ કરવું જરૂરી છે. તપ એટલે સતત એક વસ્તુનો અભ્યાસ.

**બ્રહ્મ અને યજ્ઞ** :- બ્રહ્મનો અર્થ છે પ્રાર્થના. વૈદિક ધર્મમાં વૈદિક મંત્રોનો વિધિવત પાઠ કરવો. મંત્રોનો જપ કરવો. પરમાત્માની સ્તુતિ અને પ્રાર્થના કરવી. એને ધર્મનું આવશ્યક અંગ માનવામાં આવ્યું છે.

વેદ એ હિન્દુ ધર્મનો મૂળ આધાર છે. 'વિદ્' ધાતુ પરથી 'વેદ' શબ્દ બન્યો છે. 'વિદ્' એટલે જાણવું. વેદનો અર્થ છે જ્ઞાન.

એમ કહેવાય છે કે ઋષિઓને તેમના અંતરાત્મા દ્વારા પરમાત્મા પાસેથી જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી.

**વેદ** ચાર છે. (૧) ઋગ્વેદ, (૨) યજુર્વેદ, (૩) સામવેદ અને (૪) અથર્વવેદ.

**(૧) ઋગ્વેદ** : આ વેદ સૌથી પુરાણો છે. ઋગ્વેદની ઋચાઓમાં દેવતાઓની પ્રાર્થના અને સ્તુતિઓ છે.

**(૨) યજુર્વેદ** : આ વેદમાં વધારે પ્રમાણમાં યજ્ઞના મંત્રો છે.

**(૩) સામવેદ** : આ વેદમાં મોટા ભાગની ઋગ્વેદની ઋચાઓ છે અને તેના બધા જ મંત્રો સંગીતમય અને ગાઈ શકાય તેવા છે.

**(૪) અથર્વવેદ** : આ વેદમાં ઋગ્વેદની ઘણી બધી ઋચાઓ છે.

આ ચાર વેદોમાં કુલ મળીને ૨૦૩૮૯ મંત્રો છે.

**ઋષિમુનિઓ** :-

આશરે ૫૦૦૦ વર્ષ પહેલા આપણા દેશમાં કેટલાક જ્ઞાની લોકો હતા, જેઓ આચાર-વિચાર ઉપર ભાર મૂકતા હતા. જેમના હૃદય વિશાળ હતા અને વિચારો ઉચ્ચ હતા. તેઓને લોકો 'ઋષિ' કહેતા હતા. 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર' એ તેમનો આદર્શ હતો. તેઓ ધર્મના ગૂઢ વિષયો ઉપર ચિંતન કરતા રહેતા હતા.

**વૈદિક દેવતા** :-

વેદોમાં આપણને બહુ જ મોટા પ્રમાણમાં દેવતાઓની સ્તુતિ અને પ્રાર્થનાના મંત્રો મળે છે. જે સૌ દેવતાઓમાં મુખ્ય દેવતાઓ આ પ્રમાણે છે. અગ્નિ, વાયુ, ઈન્દ્ર, વરુણ, ઋત, મરુત, પૃથ્વી, વિષ્ણુ, સવિતા, ઉષા, આદિત્ય, યમ, સુર્ય, બૃહસ્પતિ, વાક્, કાલ, અન્ન, વનસ્પતિ, પર્વત, મૃત્યુ, આત્મા, ઔષધિ, અરણ્ય, શ્રદ્ધા, શચિ, અદિતિ, વિશ્વકર્મા, શ્રી, સરસ્વતી.

**મંત્રોનું સૌંદર્ય** :- વેદના મંત્રમાં ભરપૂર સુંદરતા સમાયેલી છે. વૈદિક પંડિત જ્યારે સસ્વર- સ્વર સહિત - વેદ મંત્રોના પાઠ કરતા હોય છે ત્યારે સૌ કોઈના ચિત્ત પ્રસન્ન થઈ જાય છે. એટલું જ નહીં ઋચાઓમાં જે અર્થ ભરેલા છે તે પણ એટલા જ સુંદર છે. તે સૌમાં જે ભાવના ભરી પડી છે તે મનુષ્ય અને સમાજને ઉચ્ચ સ્થાને લઈ જનારી છે. તે મંત્રોને સાંભળવાથી ફક્ત આત્માનું જ નહીં સમાજનું પણ કલ્યાણ થાય છે.

**વેદનો સંદેશ** :- વેદમાં ધર્મનો સાચો માર્ગ બતાવવામાં આવ્યો છે. વૈદિક ઋષિ એવું માનતા હતા કે એક જ બ્રહ્મ સમગ્ર જગતમાં વ્યાપ્ત છે. બધાની અંદર એક જ તત્ત્વ સમાયેલું છે. બ્રાહ્ય સ્વરૂપે કોઈનું કોઈ પણ નામ હોય, આંતરિક રીતે તો બધામાં એક જ ઈશ્વર સમાયેલો છે.

વેદમાં ધર્મનું પાલન કરવા ઉપર, સદાચાર ઉપર, પાપથી બચીને ચાલવા ઉપર ખૂબ ભાર મૂકવામાં આવ્યો છે. પરંતુ તેનો અર્થ એવો નથી કે વૈદિક ઋષિ જીવનથી ઉદાસીન હતા. તેઓ તો ઈચ્છતા હતા કે મનુષ્ય સારી રીતે વિકાસ પામે. તે જીવનનો અને પ્રકૃતિનો પૂરેપૂરો આનંદ ઉઠાવે, પ્રસન્ન રહે.

ॐ सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामयाः ।
सर्वे भद्राणि पश्यन्तु, मा कश्चित् दुःख भाग्भवेत् ।।

બધા સુખી થાઓ, બધા રોગમુક્ત રહો, બધાનું જીવન મંગલમય હો, અને કોઈપણ દુઃખનો ભાગી ન બને, હે ઈશ્વર એવું વરદાન અમને આપો. (વધુ આવતા અંકે...)

અંતમાં જિનાજ્ઞા વિરૂદ્ધ કંઈપણ મારાથી આલેખન થયું હોય તો તેનું અન્તઃકરણપૂર્વક મિચ્છામિ દુક્કડમ.

**વિચાર વર્તુળ**

# ઈશ્વર ક્યાં છે?

**– પ્રવિણ લોડાયા, વડોદરા**



ભૂત, ભગવાન અને શેરબજાર આ ત્રણ એવા શબ્દો છે કે એના વિશે કશું જ ચોકસાઈપૂર્વક કહી શકાય નહીં અને છતાં અત્યાર સુધીમાં પાર વિનાનું કહેવાયું છે અને કહેવાનું પણ રહેશે.

જેમનું કથન સાચું પડે છે એ પોતાનાં બીજાં નવ કથન ખોટા પડ્યાં હોવા છતાં પેલા સાચા કથનને આગળ ધરીને, છાતી ઠોકીને, ગળું ફાડીને છેક સુધી કહ્યા કરે છે – ''જો હું નહોતો કહેતા ઈન્ફોસિસના ભાવ વધશે.''

ઉપરના ત્રણેય વિષયો ઉપર જે કંઈ લખાયું છે. વિચારાયું છે, અનુભવાયું છે એ બધું વ્યક્તિગત છે અને એમાં ક્યાંય કોઈ ગાણિતિક ચોકસાઈ નથી. આ ત્રણ પૈકી ઈશ્વર વિશે જે કંઈ વિચારાયું કે કહેવાયું છે એ માણસજાતને સહુથી વધુ સ્પર્શે છે.

ઈશ્વર વિશે માત્ર અંધશ્રધ્ધાથી, ગતાનુગતિક ન્યાયે અથવા કોઈક પ્રલોભન, ભય કે સંસ્કાર પ્રેરિત શ્રધ્ધા સેવીએ એ એક વાત છે પણ એના વિશે શ્રધ્ધાને અકબંધ રાખીને એની વૈજ્ઞાનિક ચકાસણી કરવી એ ભારે કપરું કાય છે. તાજા જ જન્મેલા વાછરડાએ જમીન ઉપરથી ત્રીજી મિનિટે જ ઊભા થઈને ગાયના આંચળ પાસે જઈને શી રીતે ધાવવા માંડ્યું? એને આંચળનું એડ્રેસ કોણે આપ્યું? એને ધાવતાં કોણે શીખાડાવ્યું?

ઈશ્વરે મહાત્મા ગાંધીને વેશ્યાગમનમાંથી બચાવી લીધા એમ કહીએ તો એ જ ઈશ્વરે પેલી વેશ્યાને આ વ્યવસાયમાં પડતી કેમ ન બચાવી એવો લાખ રૂપિયાનો સવાલ પેદા થાય છે. એવા સેંકડો પ્રસંગો છે કે જેમાં આપણે દુનિયાની અનેક અરાજકતાઓ જોઈએ છીએ અને તે વખતે પ્રશ્ન થાય – ઈશ્વર હોય તો આવું થાય? પણ બીજી બાજુ કુદરતની સેંકડો કરામતો અનુભવીએ છીએ ત્યારે એમ પણ થાય છે. ઈશ્વર વિના આવું થઈ શકે ખરૂં?

ઈશ્વરના અસ્તિત્વ વિશે શંકા કરવાનો પ્રત્યેક માનવીને ધર્મસિધ્ધ અધિકાર છે એ જ રીતે ઈશ્વરના અસ્તિત્વ વિશે શ્રધ્ધા રાખવાનો પણ પ્રત્યેક માનવીને અનુભૂતિસિધ્ધ અધિકાર છે. ગમ્મતની વાત એ છે કે માણસે પોતાના અસ્તિત્વ વિશે જેટલું ચિંતન નથી કર્યું એટલું ચિંતન ઈશ્વરના અસ્તિત્વ વિશે કર્યું છે!

જોકે 'ઈશ્વર છે' એવું માનનારા લોકો પાસે ભાગ્યે જ મૌલિક ચિંતન હોય છે. એ લોકો મોટે ભાગે પારંપારિક રેડીમેડ વિચારો/મતોના પ્રચંડ પ્રવાહમાં તણાયા કરતા હોય છે.

'ઈશ્વર નથી' એવું માનનારા લોકો પાસે પ્રમાણમાં ઠીક ઠીક મૌલિક ચિંતક હોય છે કારણ કે તેમની રેડિમેડ ચિંતનનો ખજાનો નથી. ઊલટાનું આ લોકોએ તો રેડિમેડ ચિંતનની સામે જ કેટલાક પ્રશ્નો ઊભા કરવાના હોય છે.

આમ છતાં, બંને પક્ષ (આસ્તિક અને નાસ્તિક) પોતપોતાના ચિંતનને વળગી રહે છે, પણ પોતાના ચિંતનને 'UPDATE' કરવા કોઈ તૈયાર નથી. તેથી સત્ય વેગળું રહી જાય છે. જેનો પાસે 'અનેકાન્ત' (સ્વાદવાદ) સિધ્ધાંત છે. મારી માન્યતા કરતાં વિરોધી માન્યતા વ્યક્ત કરતો વિચાર પણ સાચો હોઈ શકે. એવા ઉદારપણાને 'અનેકાન્ત' કહેવામાં આવે છે. IN SHORT અનેકાન્ત એટલે મનની ખુલ્લી બારી. પરંતુ 'અનેકાન્ત' કોઈને સમજવું નથી.

એવરેજ માણસને સત્ય કરતાં સલામતી વધુ ખપે છે. સત્ય રજુ કરવાનું જોખમ ખેડવાને બદલે પરંપરાના સામુહિક પ્રવાહમાં તે જોડાઈ જાય છે. પોતાની સલામતીને દાવ ઉપર મૂકીને સત્ય વ્યક્ત કરનારા લોકોની સંખ્યા સાવ ઓછી હોય છે. વ્રત-તપ અને ક્રિયાકાંડ ધર્મ નથી. એ તો આપણને ધર્મમાર્ગે દોરી જનારાં સાઈનબોર્ડ છે. અમારા બબાંબેન સાઈનબોર્ડ આગળ જ પલાંઠી વાળીને બેસી ગયા છે.

મંદીર અને મૂર્તિ સાધનો છે. સાધ્ય નથી. મૂર્તિ મળી ગઈ એટલે ઈશ્વર મળી ગયો એમ સમજીને આપણે ધન્ય ધન્ય થઈ ઊઠીએ છીએ.

સમગ્ર બ્રમ્હાંડ કોઈ ખાસ અને વિશિષ્ટ વ્યવસ્થાને 'FOLLOW' થઈ રહ્યું છે. એ વ્યવસ્થાને ડિસ્ટર્બ ન કરવી એ જ ભક્તિ છે. વિજ્ઞાનમાંથી માનવતાની બાદબાકી એટલે હિરોશીમાની ઘટના! માણસ આસ્તિક હશે કે નાસ્તિક, તેનામાં દયા, માનવતા હશે તો જ ધર્મ કે વિજ્ઞાનનો માનવ કલ્યાણાર્થે સદ્ઉપયોગ કરી શકાશે.

''માણસ ઈશ્વરની એસેટ્સ છે. માણસને કદાચ ઈશ્વર વિના પરવડી શકે પણ ઈશ્વરને માણસ વિના કરી ચાલવાનું નથી. અબજોપતિ શેઠીયા તેના નોકર-ચાકર વિના લાચાર બની જાય છે. આ દુનિયાની કારખાનાની મૂળ માલિકી ભલે ભગવાનની હોય, પણ એનો મેનેજર માણસ છે. કોઈ કારખાનું મેનેજર વિના ચાલી શકે ખરું? આપણે એક સારા મેનેજર બની શકીશું તો નાસ્તિક હોઈશું તો પણ એ આપણી પ્રભુપૂજા ગણાશે!''

નવી પેઢીને અંધશ્રધ્ધા તથા આડંબરથી લથબથ ધર્મ ખપવાનો નથી. ફંડફાળાના નાભિશ્વાસ ઉપર ટકી રહેલા ધર્મનો અને કહેવાતા ધર્મગુરૂઓનો વિરોધ કરવાનો હક નવી પેઢીને છે. શુધ્ધ અને શુભ વિચારયાત્રા સાથે ઉત્કૃષ્ટ આચારણ થતું હોય એવો માનવતાવાદી ધર્મ જ ઈશ્વરને ય ખપતો હોય છે.

# ઈન્કમટેક્ષ રીટર્ન શા માટે ભરવું જોઈએ ?

ઈન્કમ ટેક્ષ

સી.એ. પદમકુમાર ઠાકરશી પોલડિયા
ડુમરા (ઘાટકોપર)
મોબાઈલ : ૯૮૨૦૪ ૧૩૧૪૧ ઈમેલ : ptpoladia@gmail.com



આ વિષય પર તા. ૨૭-૬-૨૦૨૦ના શ્રી ક.દ.ઓ. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ દ્વારા યોજાયેલ વેબિનારમાં મારા મંતવ્યો રજુ કર્યા હતા. પરંતુ તે વખતે સેમીનાર ગુજરાતીમાં હોવા છતાં ખૂબજ ઓછા જ્ઞાતિજનોએ ભાગ લીધેલ. આપણી જ્ઞાતિના સામાન્ય જનનાં ફાયદા માટે આ વિષય પર ટુંકમાં ચર્ચા કરેલ છે. આશા છે કે આપ આ વિષય પર ખાસ ધ્યાન આપી ગંભીરતાથી ઈન્કમટેક્ષ રીટર્ન શા માટે ભરવું જોઇએ એનાં વિષે જ્ઞાનમાં વધારો કરશો.

સૌ પ્રથમ ઈન્કમટેક્ષ એક્ટ ૧૯૬૨ અનુસાર કલમ ૧૩૯(૧) પ્રમાણે નીચે મુજબના વ્યક્તિ અથવા સંસ્થા માટે રીટર્ન ભરવું ફરજીયાત છે.

૧) લીમીટેડ કંપની અથવા પાર્ટનરશીપ ફર્મને Zero ઈન્કમ હોય તો પણ રીટર્ન ફાઇલ કરવું ફરજિયાત છે.

૨) તે સિવાયની વ્યક્તી ભારતની રેસીડન્ટ હોય અને તેની ગ્રોસ આવક ૨.૫૦ લાખથી વધારે હોય અથવા સીનીયર સીટીઝન (૬૦ વર્ષથી ઉપરની ઊંમર) હોય અને ગ્રોસ આવક ૩.૦૦ લાખ તથા સુપર સીનીયર સીટીઝન (૮૦ વર્ષથી ઊપરની ઊંમર) હોય તો ગ્રોસ આવક ૫.૦૦ લાખથી વધારે હોય તેને રીટર્ન ફાઇલ કરવું ફરજિયાત છે.

૩) તે સિવાય જો વ્યક્તિ અધર ધેન રેસીડન્ટ અથવા નોટ ઓર્ડીનરી રેસીડન્ટ હોય તો અને તે વિદેશમાં કોઇપણ પ્રોપર્ટીના બેનીફીશીયલ ઓવનર હોય અથવા સાઇનીંગ ઓથોરીટી હોય તો કલમ ૧૩૯(૧)ના ચોથા તથા પાંચમા પ્રોવીસો અનુસાર તેને રીટર્ન ફાઇલ કરવું ફરજીયાત છે. ભલે તેની ભારતમાં બીજી કોઇપણ આવક ન હોય તો પણ.

૪) આના સિવાય જો તમારી આવકમાં લોંગ ટર્મ ગેઇન રેસીડન્ટીઅલ જગ્યા વેચીને થાય અને તેની સામે તમે નવી જગ્યા ખરીદી કરો છો તો ટેક્ષ નથી લાગતો. (અમુક શર્તોને આધીન) પણ છઠ્ઠા પ્રોવીસો કલમ ૧૩૯(૧)અનુસાર રીટર્ન ફાઇલ કરવું જરૂરી છે.

૫) આ વર્ષથી કલમ ૧૩૯(૧)માં સાતમો પ્રોવીસો ઊમેરવામાં આવેલ છે. જેના અનુસાર જો તમે આખા વર્ષમાં કરન્ટ એકાઉન્ટમાં રૂા. ૧ કરોડથી વધારે રકમ રોકડા અથવા ચેક દ્વારા નાખશો અથવા ફોરેઇન ટ્રાવેલમાં રૂા. ૨ લાખથી વધારે ખર્ચ કરશો અથવા રૂા. ૧ લાખથી વધારે લાઇટ બીલ ભરશો તો પણ તમારી આવક ટેક્ષેબલ ન હોવા છતાં રીટર્ન ભરવું પડશે.

૬) આ સિવાય કલમ ૧૩૯(૩) અનુસાર તમે લોશ કરી હશે અને આ લોશ તમે જો આવતા વર્ષે તમારી આવક સામે ક્લેમ કરવા માંગો છો અથવા અનએબસોરબ ડેપ્રીશીવેશન હશે અને તેને તમે તમારી ભવિષ્યની આવક સામે ક્લેમ કરવા માંગો છો તો તમારૂ રીટર્ન ડ્યુ ડેટ પહેલા ફાઇલ કરવું જરૂરી છે.

૭) તેના સિવાય ચેરીટેબલ ટ્રસ્ટ, સોસાયટી, પોલીટીકલ પાર્ટી, હૉસ્પીટલ અથવા મેડીકલ ઈન્સ્ટીટ્યુશન, બીઝનેસ ટ્રસ્ટ વગેરે પણ હોય તો તેમને અમુક શર્તો અનુસાર રીટર્ન ફાઇલ કરવું ફરજિયાત છે.

આમ વ્યક્તિ માટે ઉપર જણાવ્યા પ્રમાણે ''ગ્રોસ આવક'' જો ૨.૫૦ લાખ અથવા ૩.૦૦ લાખ અથવા ૫.૦૦ લાખથી વધારે આવક હોય તો રીટર્ન ફાઇલ કરવું પડે છે. ગ્રોસ આવક એટલે શું ? ઈન્કમટેક્ષ દરેકની આવકને પાંચ વિભાગમાં વહેંચે છે. જેમાં સેલેરી, પ્રોપર્ટી ઇન્કમ, કેપીટલ ગેઇન, બીઝનેસ ઇન્કમ અને અધર સોર્સ (એટલે કે ઉપરના કોઇપણ હેડમાં ન આવે તે) આ દરેકનો ટોટલ જો ઉપરની લીમીટથી વધારે થાય તો રીટર્ન ફાઇલ કરવું ફરજીયાત છે.

ઘણા સવાલ કરે કે સરકારે તો પાંચ લાખની આવક સુધી તો ટેક્ષની છૂટછાટ આપી છે તો માટે ૨.૫૦ લાખથી વધારે માટે શા માટે રીટર્ન ફાઇલ કરવું જોઇએ. આ પ્રશ્ન વ્યાજબી છે, પણ ઈન્કમટેક્ષનાં એક્ટ ૧૯૬૧ અનુસાર તમને ટેક્ષ ભરવા માટેની લીમીટ પાંચ લાખ ઉપરની છે પરંતુ રીટર્ન ભરવા માટે લીમીટ ફક્ત ૨.૫૦ લાખ છે. આ ચીજ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે.

ઊપરની જે ચર્ચા કરી તે કાયદા મુજબ આપને રીટર્ન ફાઇલ કરવાનું છે તેની છે આના સિવાય હાલના વર્ષોમાં ઈન્કમટેક્ષ ડીપાર્મેન્ટે નવી ટેક્નોલોજીથી અને સેક્સન ૨૮૫ બીએ દ્વારા વિવિધ સંસ્થાઓથી માહિતી ભેગી કરી રહ્યું છે. જેને લીધે તમને કઇ કઇ આવક થઇ અથવા તમે જો મોટો ખર્ચો અથવા ઇન્વેસ્ટમેન્ટ કર્યું હશે તો તે દરેક માહિતી તેમની પાસે છે. જેનાંથી તે જાણે છે કે આપની કેટલી આવક અથવા ખર્ચો છે. આ માહિતી કઇ કઇ છે તે ટુંકમાં જાણવા પ્રયત્ન કરશું.

૧) તમે જો રૂા. ૩૦ લાખ ઊપરની પ્રોપર્ટી ખરીદી હશે.

૨) જો મ્યુચલ ફંડમાં ૧૦ લાખથી ઊપર ઇન્વેસ્ટમેન્ટ કરેલ હશે.

૩) જો આખા વર્ષમાં તમારા સેંવીગ બેંક એકાઉન્ટમાં ૧૦ લાખથી વધારે રોકડા જમા કરાવ્યા હશે.

૪) જો બેંકમાંથી આખા વર્ષમાં રૂા. ૧૦ લાખથી વધારેના ડીમાન્ડ ડ્રાફ્ટ રોકડાથી કઢાવ્યા હશે.

૫) જો તમે એકજ બીલમાં રૂા. ૨ લાખથી વધારે કોઇપણ માલની રોકડામાં ખરીદી કરી હશે (દા.ત. સોનાનાં દાગીના)

૬) જો તમે ૧૦ લાખથી વધારેની કિંમતની કાર અથવા લોરીની ખરીદી કરી હશે તેના પર ટીસીએસ કપાવવાથી ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને માહિતી મળશે.

૭) આના સિવાય તમે જો કોન્ટ્રેટર, બ્રોકર અથવા પ્રોફશનલ છો તો તમારી આવકમાંથી ટીડીએસ કપાવવાથી તમારી આવકની માહિતી મળશે.

૮) તમે પૈસા ફીક્સ ડીપોઝીટમાં રાખ્યા હશે અને તમારી વ્યાજની આવક રૂા. ૧૦,૦૦૦/- થી વધારે હશે તો તેનાં પર ટીડીએસ કપાશે અથવા તમે ફોર્મ ૧૫ જી/૧૫ એચ આપશો તો પણ તમારી આવકની માહિતી ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને મળશે.

૯) તમે નોકરી કરતા હશો તો પણ એમ્પલોયર તમારી આવક લગભગ ૩.૦૦ લાખથી વધારે હશે તો ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને આપશે. એટલે તમારી આવકની માહિતી ત્યાં પહોંચશે.

૧૦) તેનાં સિવાય જે પણ લોકો શેરબજારમાં ખરીદી/વેચાણ કરે છે તેની દરેક સોદાની માહિતી ઇન્કમટેક્ષ ડીપાર્ટમેન્ટને જાય છે.

આમ ઊપર મુજબ જોતાં લગભગ આપણાં જીવનમાં આવતી દરેક આવક અને ખર્ચની માહિતી ડીપાર્ટમેન્ટ આગળ છે માટે આજનાં સમય અનુસાર ઇન્કમટેક્ષ રીટર્ન ભરવું જરૂરી થઇ ગયું છે. મારી દરેક જ્ઞાતિજનને નમ્ર વિનંતી છે કે આપ કમાતા હો તો જરૂરથી યોગ્ય સલાહ લઇ રીટર્ન ફાઇલ કરવાનું ન ભુલતા. આ સિવાય હાલનાં બે-ત્રણ વર્ષમાં તો તમે જો લેટ રીટર્ન ફાઇલ કરો તો રૂા. ૫૦૦૦ - ૧૦,૦૦૦ સુધીની લેટ ફાઇલીંગ ફી પણ ભરવી પડે છે માટે દરેક કાયદાના સમય અનુસાર રીર્ટન સમયમાં ફાઇલ કરી નાખવું ફાયદાકારક રહેશે.

હવે ધારોકે તમે રીટર્ન ફાઇલ કરી છો તો તેના તમને શું ફાયદા થશે તેના વિષે ટુંકમાં ચર્ચા કરીશું તો આપણને જણાશે કે જે આજનાં સમયમાં રીટર્ન ફાઇલ કરે છે તેને માટે ફાયદા વધારે થશે.

૧) બેંકની લોન : દરેક જણને હાઊસીંગ લોન, કાર લોન, ધંધાકીય લોન માટે ઇન્કમટેક્ષ રીટર્નની આજના સમયમાં જરૂર પડે છે તમે જો પ્રાઇવેટ મનીલેન્ડર પાસે જાઓ તો તેમના વ્યાજનાં દર ખૂબજ ઊંચા છે, પરંતુ તમે જો ઇન્કમટેક્ષનું રીર્ટન ફાઇલ કર્યું હશે તો બેંક તમને ખૂબજ સરળતાથી લોન આપવા તૈયાર થશે. આ બાબતમાં ખાસ ધ્યાન દોરવાનું કે જેઓ નાનો વ્યાપાર ધંધો કરે છે તે લોકો રીટર્ન ફાઇલ કરતાં અચકાય છે અથવા તેને માટે પ્રોફેશનલ ફી ખર્ચવા તૈયાર થતા થતી અને તેઓ ખૂબજ ઊંચા વ્યાજની લોનો લે છે. મારી તેમને નમ્ર વિનંતી છે કે તેઓ જરૂરથી રીટર્ન ફાઇલ કરી બેંકથી ખૂબજ ઓછા વ્યાજનાં દરે વિવિધ લોનો લઇ શકશે. આમાં આપ ભલે ફેરીનું કામ કરો અથવા ઇલેટ્રીશીયન અથવા ટ્યુશન કરાવો છે આના જેવા અનેક નાના ધંધા કરતા હો તો ટેક્ષ રીટર્ન જરૂરથી ફાઇલ કરજો કારણ તમારી આવકનું પ્રુફ ફક્ત ઇન્કમટેક્ષ રીટર્ન છે અને બેંક જો તમે રીટર્ન ફાઇલ કર્યું હશે તો સરળતાથી લોન આપી દેશે.

૨) વીસા : તમે ફોરઇન જવા માંગો છો તો તમારે વીસા માટે એપ્લીકેશન કરવા માટે પણ તમારી આગળ પાસપોર્ટ હશે પણ અમુક દેશો તમને ઇન્કમટેક્ષ રીટર્ન ફાઇલ નહિં કરતા હો તો વીસા આપતા નથી અને તમે ફોરેન જઇ શકતા નથી.

૩) એક્સીડન્ટ કોમપનશેસન : હાલનાં દીલ્હીનાં હાઇકોર્ટના ચુકાદા અનુસાર મોટર વેહીકલ એક્ટ હેઠળ જો ઇન્કમટેક્ષ રીટર્ન ભરેલ હશે તો તે તમારી આવકનું પ્રુફ ગણવામાં આવશે.

આમ ટુંકમાં આજનાં સમય અનુસાર જો તમે રીટર્ન ફાઇલ કરશો તો તમે ખૂબજ ફાયદામાં રહેશો. મારી ખાસ સલાહ છે કે જેમની ઉમર ૨૧-૫૫ વર્ષની વચ્ચેની છે તેમને ધારોકે તમારી આવક ટેક્ષબેલ ન થતી હોય છતાં પણ રીટર્ન ફાઇલ કરજો. ટુંકમાં તમને તેનો ખુબજ ફાયદો થશે.

આપને આ બાબતમાં કાંઇપણ સલાહ સુચન જોઇતું હોય તો ફક્ત વોટ્સએપ પર 9820413141 અથવા ઇમેલ આઇડી ptpoladia@gmail.com પર સંપર્ક કરશો તો જરૂરથી ગાઇડન્સ મળશે.


Dear All, Please find attached presentation and video link for yesterdays Webinar on Merits of filling Return of income and New forms of IT returns.

**https://youtu.be/zv14pnt9WBE**

Career Nook

# PCM – If Not Engineering Then What ???

**Bhavika (Heffa) Lad**
Email: bhavikahappy2help@gmail.com



It is always recommended to study skill based course at graduation level

General career options with PCM combination could be BE / BTech in India and Abroad. But Engineering is NOT the ONLY course option.

Please do note that lots of government jobs are usually open for BSc graduates.

There is also option open for most BSc graduates to take employment or entrepreneurship options and go into production using govt schemes like MSME etc.

Depending on which subject's u like or enjoy from Physics / Chemistry / Mathematics, U can choose engineering filed and / or other course options. Please find below a glimpse or options that can be currently available.

**Option 1: If you like Physics and Mathematics, you can choose from:**

- ❖ B.E. / B.Tech – Electrical Engineering / Sound Engineering / Power Engineering / Electronics & Telecommunication Engineering / information Technology / Solar Engineering / Instrumentation / Mechanical Engineering / Computer Engineering / Subsea Engineering
- ❖ BSc with Physics and then MSc – Research in field of Power engineering or nuclear science or astronomy or astrophysics etc. U can also try for Indian Navy recruitment after BSc + MSc in Physics / Indian Defense agencies like DRDO / ISRO
- ❖ If you liked studying Geometry and bit of Mathematics + Physics in school and like drawing or gave elementary and intermediate drawing exams, you can choose to study architecture (B.Arch) / Interior Design (B.Voc in Rachna Sansad or Diplomas in NID / CIPD etc

**Option 2, if you like studying chemistry, you can choose from:**

- ❖ B.E. / B.Tech – Chemical Engineering / Petroleum Engineering / Solar Engineering / Oil & Gas Engineering
- ❖ B.Sc – Chemistry + MSc and Research or Govt Jobs or Teaching

**Options 3, if you likes mathematics more, you can choose from**

- ❖ BSc Maths & Statistics + Actuarial Science or Actuary
- ❖ BSc Maths & Statistics + Masters in field of Maths / Stats – Statistician or Nationalised Banks Officer level Job entry exams
- ❖ BSc Maths & Stats + MPSC / UPSC exams – Civil Services

**Some Useful Links:**

https://www.upsc.gov.in/

www.employmentnews.gov.in

https://upsconline.nic.in/index.php

http://www.siac.org.in/admininfo.html

http://www.civilserviceindia.com/special-coaching-classes/maharashtra.html

http://www.careerairforce.nic.in/

http://www.nausena-bharti.nic.in/career.php

http://indiannavy.nic.in/INS_Shivaji.html

http://joinindianarmy.nic.in/

http://www.nda.nic.in/

https://www.india.gov.in/spotlight/career-defence-and-paramilitary-forces

https://www.civilserviceindia.com/

https://www.civilserviceindia.com/civil-services-procedure.html

https://jeemain.nta.nic.in/webinfo/public/home.aspx

NATA details: http://portal.nata.in/www13/default.aspx

Maharashtra Architecture Common Admission Test (MAH-AR-CAT):

http://dte.org.in/arch2012/StaticPages/HomePage.aspx

JEE MAINS PAPER 2 https://jeemain.nic.in/webinfo/Public/Home.aspx

DTE maharasthra, B.Arch -

https://arch2017.dtemaharashtra.gov.in/StaticPages/HomePage.aspx

https://josaa.nic.in/webinfocms/Public/View.aspx?page=46

It is higly advised for students to focus on grade 12th results along with JEE preps but also focus more on state entrance exams too to secure admissions in non participating state university.

JEE MAIN: Admission criteria to Undergraduate Engineering Programs at NITs, IIITs, other Centrally Funded Technical Institutions (CFTI), Institutions funded by participating State Governments, and other Institutions shall include the performance in the class 12/equivalent qualifying Examination and in the Joint Entrance Examination, JEE (Main). The (B. E. /B. Tech.) of JEE (Main) will also be an eligibility test for the JEE (Advanced), which the candidate has to take if he/she is aspiring for admission to the undergraduate programs offered by the Indian Institute of Technology (IITs).

**Top 5 Engineering Entrance Exams in India**

| S.No | Exam Name | Conducting Body |
|---|---|---|
| 1 | JEE Main | National Testing Agency (NTA)* |
| 2 | BITSAT | Birla Institute of Technology and Science |
| 3 | MET | Manipal Academy of Higher Education<br>(Earlier known as Manipal University) |
| 4 | VITEEE | VIT University |
| 5 | SRMJEEE | SRM Institute of Science and Technology (Earlier known as SRM University) |

Aayushi Pinky Hitesh Shah GRAND DAUGHTER OF VIJAYA MULCHAND MOTA is 2nd year student of Virtual Designing.


On 21-6-2020 World Yoga day Aayushi Shah conducted free workshop for more than 100 participants on MANDLA Art - Mind Yoga.

**YouTube link of video is**

**https://youtu.be/73VCF7QGa3Q**

# ALL INCLUSIVE, YET EXCLUSIVE

**- Shilpa Ajani** (B.com, DG, FGA (Lon), FFIG)



21st June 2020 saw a unique phenomenon, the solar eclipse. In the morning at 6.21 am, a full ring of fire was seen in Thailand, Jammu and Kashmir saw a crimson sun at 10.05 am, a crescent sun was seen at 11.45 am at Amritsar and so on and so forth. Various places witnessed this happening at a different time and in different phases according to their different geographical locations and time zones. If a person said the sun was just a crescent, he was right while if another said the sun was crimson ball, he too was as right as some other person who saw a completely black sun surrounded by a golden ring . All of them were saying the truth, their truth ! Each one of them had his own perspective of looking at what they saw. Today, we can understand this phenomenon in its totality from the perspective of our planet and because of what we have learnt with the help of science. That's why we can appreciate all the different viewpoints.

This same understanding is found in Jain philosophy which acknowledges the coexistence of all the aspects of Truth. Jainism believes that there are innumerable sides of any Truth. The complete truth may be too complex and beyond the grasp of human understanding all at once. What we know as Truth is only a part or just one aspect of it. Thus our truth is always partial or relative, it is never absolute. This concept of non-absolutism or **ANEKANTVAAD** is yet another foundation stone of the Jain faith.

Jainism embraces the fact that a Truth can be viewed from various **NAYAS** or standpoints, understood or judged conditionally. Further, the reality or the truth viewed and judged from a particular standpoint can be appropriately described only by specifying that the description is only a probability and not a certainty. This concept of qualified expression of truth is known as SYADVAAD. The same man, when viewed through the standpoint of his different roles, seems to be different. He is a son, a brother, a husband, a father or a friend for his different relations, all at the same point in time. Thus he is a son, he is not a son and he is both, all at the same time and all are the different aspects of the truth about that man.

This world view of Jainism is expressed in the famous story of, 'Six Blind Men and the Elephant' which we all know wherein each of them describe the elephant by it's part they touch. Let me quote a few lines from John Saxe's poem :

"So oft in theologic wars,
The disputants, I ween,
Rail on in utter ignorance
Of what each other mean,
And prate about an Elephant
Not one of them has seen!"

Once this concept of Anekantvaad is understood, imbibed and implemented, the gateways to one's emotional, intellectual and spiritual growth are flung open! We develop the habit to :

1) Pause and think that views can differ.

2) lend a patient ear to others' views and

3) Recognise and respect all views, whether we agree to them or not.

Anekantavaad enables a harmonious reconciliation and resolution of conflicting views by making us tolerant, inquisitive and open-minded by inspiring us even to 'agree to disagree'.

Jain dharma is very often misunderstood to be highly rigid and restrictive but contrary to the common viewpoint, Jain dharma is the most accepting, adaptable and all encompassing!

## વાચકોના પ્રતિભાવ

કોરોના પેન્ડેમિક કોવિદ – ૧૯ ના પ્રસાર સાથે સતત લૉકડાઉનમાં રહેતા સર્વોત્કૃષ્ટ અનુભવ પરિવાર સાથે સળંગ ઘરમાં રહેવાનો અદ્‌ભૂત અનુભવ થયો.


સૌથી મોટો અનુભવ તો પૌત્ર સાથે આનંદ માણવાનો હતો નવી ટેક્નોલૉજીનો અનુભવ શીખવાના સાથે પારિવારિક જીવનનો સાથે રહેવાનો જવલ્લેજ મળતો આનંદ માણવાનો હતો. ઈન્ટરનેટ પર માહિતી મેળવવી, સગાઈ માટે યોગ્ય પાત્રોની માહિતીની આપ લે, પરબ ટીમે જરૂરિયાતવાળા પરિવારોની નામાવલી તૈયાર કરી શ્રી પદમભાઈ સોનીના સહકારથી મદદ પહોંચાડવી, અને જૂના શોખ તાજા કરવાનો લહાવો શેં ભૂલાય. પરબ શક્તિની બહેનો પણ પ્રવૃતિમય રહી હતી. એક તકલીફ હતી વૉટસએપમાં આવતા વ્યર્થ મેસેજ ડીલીટ કરવાની.


**– કાશ્મીરા લુઠીયા**

**Education Square**

# Introduction:

Mrs. Harsha Hemang Dharamshi, 9819322638,
Mrs. Dipti Anil Dharamshi, 8108032109





To those of you who are at the threshold of choosing a stream of higher education/career, and the parents of such individuals - I ,urge you to recall the core theme of the movie "Three Idiots". In our culture, academic achievement and excellence has been given great importance. So much so, that at times, we become oblivious to reality and practical aspects of life. In a blind race to acquire traditional academic degrees, we forget the fact that each of us is endowed with different abilities and skills. No ability or skill is less or more important. Every ability, whether originating in arts, commerce or science stream, is an integral part of life. Choosing a traditionally approved stream of higher education without taking into consideration one's aptitude, interests, abilities and personality, often leads to struggle, failure, and frustration. For example, a sociable, extroverted person with a pleasing personality and language skills, but limited abilities and interests in numbers, will find joy and motivation being engaged in a job dealing with people, rather than being an accountant. Even if one manages To acquire a passing degree in any of the traditional streams, given our population and demographics, the competition for jobs is such that without high academic achievement, along with other skills, one is left with very little employment opportunities. Please remember that academic ability is not the only or highest ability. The abilities, that one possesses is what one should focus on, develop and put to use, in order to achieve financial stability, work satisfaction and overall success in life. With these series of articles, we aim to bring to notice many vocational/skill based courses in the streams of arts, science and commerce, that may be appropriate for many, and which have hitherto been mostly ignored by our community. Such vocations and skills are always in demand as they are related to essential human activities and existence. We begin with the following article by Smt.Bhavika Lad (Hefa), on the importance of aptitude testing.



**Bhavika (Heffa) Lad**
Email: bhavikahappy2help@gmail.com

It's almost July 2020 right now, and the time when students and parents are filled with stress, anxiety, fear, apprehension of upcoming results for 10th & 12th board and / or graduation exams along with uncertainty about future. People comment the situation is bad and anxiety is high currently owing to COVID pandemic, but I beg to differ. It has been always same every year with only change this year being some of the exams not being conducted in SSC / CBSE / ICSE boards. With more than a decade of experience as professional, my cell has been overflowing with SMS / calls / emails / chats with queries from fellow KDO community members. This has inspired me to write this article to help parents and students address their anxieties is most scientific / effective / logical manner.

I make an earnest request to all parents and students -

1) Please don't panic, or let stress or anxiety control and overpower you.

RELAX.

2) To READ below article completely and feel free to email me any further queries they might have on email ID mentioned at the end of the article.

**Decoding Psychometric Testing and Career Counselling : WHAT/ HOW / WHY????**

- With the growth in the competition, the need for a planned move is inevitable.
- Students at Grade 10th / 12th are at threshold of life where every step they take will decide their future. At this juncture, there will be many attractive & promising options. However, the trick would lie in choosing an option that is satisfying and lucrative for them.
- Psychometric assessment and counselling provides a genuine understanding of the reason why certain vocations are likely to suit A CHILD better than others. Choices derived from self-understanding will help you explore your potential and broaden your horizons.
- Psychometric assessment and counselling gives student complete and in-depth understanding of his/ her 4 Factors 4 Success – Intelligence, Personality, Aptitudes and Interests.
- It helps in avoiding regret in future by making informed decision about career to pursue.
- It also helps in understanding any incorrect or ineffective study habits, weak areas, thus providing chances to enhance our academic

grades by taking corrective measures.

- It should be done by a qualified psychologist / counsellor by education and NOT by designation. Someone who has psychology as educational base along with clear deeper understanding of psychological tests to be chosen and used has expertise along with experience in the field.

A psychological test has many advantages for students (as well as their parents), who are at the age of selecting a career. These tests help the children to understand their skills and talents along with weakness, and obstacles and can guide about the careers that can be suitable for them. These tests also save a great deal of time since a student can get confused with over information being present to him / her by social media, relatives, teachers, peers, friends and print media etc and can get a directed and focussed career consultation.

A good psychometric test reveals how a student can handle stress, can bear with difficult situation and what kind of characteristics he will show at the time of need. In fact, a good psychometric test, along with expertise of clinician or psychologist will go a step ahead by telling what motivates a student and what kind career options are well suited to him and where he can perform better.

There are several students who know about the career choice that they want to pursue but are unaware of the hard work that is required to be put in that stream.

There are others who have no idea of how the admission procedures go in their selected career stream. All the above questions can be answered only if psychometric testing is accompanied with career counselling session with an expert wherein an expert is equipped to direct the student in the right direction.


**Rather than focus on what pays more or what the parents would want the child to pursue, a psychometric test would best match the capability of child to the needs of the skill market.**

**વિશેષ નોંધ :**

જીવનચક્રમાં પ્રકાશિત થતી લગ્ન-સગપણ, જન્મ-મરણની વિગતોમાં મહિનાની છેલ્લી તારીખ સુધી આવેલી માહિતી તા. ૫ ના અંકમાં તથા ૧૫ તારીખ સુધી આવેલી માહિતી તા. ૨૦ ના અંકમાં પ્રકાશિત થશે જેની નોંધ લેવા ખાસ વિનંતી. **– તંત્રી મંડળ**

## VALUES .......

**Tilakchand K. Lodaya,** Chennai.
(Former Chief Commissioner of IncomeTax)



Passing of the arbitration order related to Shri DBKDO Jain Ekkam was one of the toughest moments of my life. The unprecedented progress and growth of DBKDO Jain Ekkam was during the period of our team. I had sleepless nights before finalising the order. Ultimately the order was passed which many social entrepreneurs in the Ekkam felt that it was not as per their expectations. And thereafter, the expected happened, which you can easily guess. But for me it was a testing time to fulfil my responsibilty to myself and the creator.

*The compass that always points North is the most important tool for the captain of a ship, to steer it in the right direction. And uncompromising value system is the mental compass for ethical and moral living.

For few people their life is value based; and for many their values are life based. A value is a value only when the value is not compromised even under testing circumstances. A value system is never subject to negotiation. Compromising on values like selling your soul.

"A plum once said, just because a banana lover came by, I converted myself into a banana. Unfortunately, his taste changed after a few months and so I became an orange. When he said I was bitter I became became an apple, but he went in search of grapes. Yielding to the opinions of so many people, I have changed so many times that I no more know who I am. How I wish I had remained a plum and waited for a plum lover."

Just because a group of people do not accept you as you are, there is no necessity for you to strip yourself off your originality. You need to think good of yourself, for the world takes you at your own estimate. Never stoop down in order to gain recognition. Never let go of your true self to win a relationship. In the long run, you will regret that you treated your greatest glory, your uniqueness, for a momentary validation.

Everything and everybody has been designed with the proportion of uniqueness to serve a purpose that can fulfill only by being our unique self. You are a Masterpiece; your master's piece. Celebrate your uniqueness.

In matters of relationship, flow with the current, like water. In matters of principle, stand like a rock.

આરોગ્ય પ્રકાશ

# કોરોના વાઈરસ - કોવિડ-૧૯

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



કોરોના વાઈરસ અને કોવિડ-૧૯ વિશે શરૂઆતથી જ ટેસ્ટ કીટ બનાવનાર હોય, પર્સનલ પ્રોટેક્ટીવ ઇક્વીપમેંટ (પીપીઇ) બનાવનાર હોય કે બિમારી રોકનાર રસી બનાવનાર કંપની, એ જે હોય તેણે વાઈરસ, બિમારી વિશે દુનિયામાં એટલો હાઉ-ડર ઊભો કર્યો છે કે અભણથી લઈને વ્યવસ્થિત ભણેલગણેલ વ્યક્તિ પણ મુંઝાઇ ગયા છે, ડરી ગયા છે. સંક્રમણના આંકડાઓ પર બહુ ધ્યાન ન આપો આ પહેલા પણ ઝેરી મેલેરીયા, ડેંગ્યુ, એઇડ્સ, સ્વાઇન ફલ્યુ, ઝીકા વાઈરસ, ઇબોલા વગેરે વખતે પણ બિમારીઓના ડર ઊભા કર્યા પણ પછી ધીમે ધીમે આ વાઈરસો શાંત થયા છે અને પાછળથી દુનિયાને એના ખોટા ડર ઊભા કર્યા હતા એ ખ્યાલ આવ્યો. કોરોના વાઈરસથી દુનિયામાં છેલ્લા ૩ મહિનામાં જેટલા મૃત્યુ (આશરે ૨ લાખ) થયા છે એના કરતા તો વધુ મૃત્યુ કેન્સરથી (૧૧ લાખથી ઉપર), ધુમ્રપાનથી (૮.૨૫ લાખ), દારૂ પીવાથી ૫.૫ લાખ), રોડ અકસ્માતથી (આશરે ૪ લાખ), મલેરીઆથી (આશરે ૩.૫ લાખ) અને આપઘાતથી (૩.૫ લાખ) થયા છે. એટલે આંકડાઓની માયાજાળથી દૂર રહીએ એ જ સારૂ.

ટેસ્ટ દ્વારા સંક્રમણના જે આંકડા અપાય છે એ ટેસ્ટ કીટ પર સ્પષ્ટ લખ્યું છે કે આ કીટ કોઇ માન્યતા પ્રાપ્ત ડાયગ્નોસ્ટીક કીટ નહીં પણ સંશોધન હેતુ વપરાતી કીટ છે, હજી 'અંડર ટ્રાયલ' છે એટલે ૧૦૦% સાચા રીપોર્ટનો દાવો નથી કરાતો એટલે કે એમાંથી ઘણા (કદાચ ૫0%) 'ફોલ્સ પોઝીટીવ' હશે. પોઝીટીવ જાહેર થયેલામાંથી ૮0% કોઈપણ જાતના બાહ્ય ચિન્હો વગરના તંદુરસ્ત હોય છે. (એ દર્દી નથી) અને માટે જ આટલા લોકોને ચેપ લાગ્યો એના પર બહુ ધ્યાન ન આપો, ડરો નહીં. ડરવાથી કોઇ પ્રશ્ન ઉકેલાયો નથી. હકારાત્મક-પોઝીટીવ થીંકીંગ અપનાવીએ હકારાત્મકતા એટલે જીંદગીની પરિસ્થિતિની ઉજળી બાજુ જોવી અને ભવિષ્ય વિશે આશાવાદી રહેવું. હકારાત્મક રહેવું એ મોટી તાકાત છે. થોડી મહેનત કરવાથી નકારાત્મક વલણ દુર થશે. હકારાત્મક રહેવા સારૂ વાંચન કરીએ, સારા વિચાર કરીએ, હળવી, કોમેડી સીરીઅલ, નાટક, ફિલ્મ જોઇએ. ભક્તિ સંગીત, જુના ફિલ્મી ગીતો, ગઝલો સાંભળીએ, બીજાને મદદ કરવાની ભાવના કેળવીએ, ધ્યાન મેડીટેશન કરીએ, પ્રાર્થના-મંત્ર જાપ કરીએ. નિંદા, કુથલી, ઇર્ષ્યા, ગુસ્સો, અદેખાઇ જેવા નીગેટીવ ઉર્જા ઉત્પન્ન કરે એવા પરિબળો ત્યાગી, પ્રેમ, દયા, અનુકંપા, સમતા, શાંતિ, હસમુખ સ્વભાવ એવા પોઝીટીવ ઊર્જા ઉત્પન્ન કરે એવા પરિબળો, એવી વિચારસરણી અપનાવીએ.

જેટલા કોરોના પોઝીટીવ (ફોલ્સ નીગેટીવને બાદ કરતા - ખરેખરા) હોય એમાંથી ૮૦% જેટલા કેસ માઈલ્ડ એટલે કે આસાનીથી દર્દી સારા થાય એવા હોય છે. ૧૫% મોડરેટ એટલે મધ્યમ-ડોક્ટરોની થોડી મહેનતથી સારા થાય એવા હોય છે. માત્ર ૫% ક્રીટીકલ હોય છે. માટે જરાય ગભરાયા વગર હકારાત્મક, આશાવાદી વલણ રાખીએ. હકારાત્મક વિચારવાળા, મજબૂત મનોબળવાળા કેટલાય લોકો દુનિયામાં છે જે કેન્સર, એઇડ્સ, કોવિડ-૧૯ જેવી બિમારીને પણ હરાવી સાજા થયા છે. હકારાત્મકતા જીવનમાં આવશ્યક છે અને ખરાબ સમયે તો ખાસ. મન-મગજમાં ડર રાખવાથી શરીરને હાની કરે એવા હાર્મોન્સ કેમીકલ્સ ઉત્પન્ન થાય છે, જ્યારે હકારાત્મક, આશાવાદી રહેવાથી શરીરને ફાયદો કરે એવા હાર્મોન્સ-કેમીકલ્સ ઉત્પન્ન થાય છે. મોટામાં મોટો વાઈરસ કોરોના નહીં પણ 'ડર' છે.

કોઇપણ બિમારીમાં "Prevention is better than cure" ઇલાજ કરવા કરતાં રોગ થાય જ નહીં એ ઉત્તમ છે. એ માટે ૧) જીવનાશ્યક વસ્તુ લેવા સિવાય હાલ બહાર ન નિકળવું, ખાસ કરીને ૬૦ વર્ષથી નીચેના, હાઇ બીપી, ડાયબિટીઝવાળા, હૃદયરોગી, અસ્થમાવાળા, સગર્ભા, કેન્સર, કિડની પેશન્ટ અને અશક્ત હોય એમણે. જો નિકળવું જ પડે તો માસ્ક પહેરી, સોશિયલ ડીસટન્સીંગ સાથે પુરી સાવચેતી થી. ચેતતો નર સદા સુખી ૨) આપણા શરીરની પ્રતિકાર શક્તિ વધારીએ જીવનમાં નિયમીતતા કેળવીએ. વહેલા સૂઈ ૭ કલાકની શાંત ઉંઘ કરી વહેલા ઉઠી, ૨ ગ્લાસ હુંફાળુ પાણી પી, પેટ સાફ થયે હળવી કસરત, પ્રાણાયામ, હળવા યોગાસન, અનુલોમ વિલોમ, કપાલભાંતિ કરીએ. એનાથી ફીટનેસ જળવાશે, પ્રતિકાર શક્તિ અને આત્મવિશ્વાસ વધશે. સાકર, તળેલી ચીજો ટાળીએ. રીફાઇન્ડ તેલ બિલ્કુલ ન વાપરો. ઘાણીનું ઉત્તમ નહીં તો ફીલ્ટર્ડ. ઘરમાં બનાવેલ પૌષ્ટિક, ગરમાગરમ


નાસ્તો, જમણ લ્યો. ખાવામાં ફળો, શાકભાજી, સલાડ, ભરપુર લ્યો. ડ્રાયફ્રુટ પણ લ્યો. ચાને બદલે ૧ લીટર પાણીમાં ૨૦ તુલસીના પાન, ૨૦ દાણા કિસમિસ, ૧ ચ. સૂંઠ પાવડર, અર્ધા ચ. તેજ પાવડર, પાવ ચ. મરી પાવડર, ૨ ચ. ગોળ (ડાયાબીટીઝવાળાને નહીં) નાખી અડધુ થાય ત્યાં સુધી ઉકાળવું. હુંફાળુ ૫-૫ ચમચી સવાર-સાંજ લેવું અને ચાવી જવું. હળદરવાળુ દૂધ લેવું. હળદર ઘણી બિમારીમાં ફાયદાકારક છે. તુલસીમાં ૪૦ આરોગ્યદાયક ગુણ (કેમીકલ્સ) છે. સૂંઠના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે. ગરમ પ્રકૃતિવાળા ઓ સૂંઠ, તજ, મરી નું પ્રમાણ ઘટાડી, કિસમિસનું પ્રમાણ વધારી શકે. આમાંથી એકાદ બે ચીજ ન હોય તો પણ ચાલે. સૂંઠ-ઘી-ગોળની ગોળી બનાવી દિવસમાં એક વખત લેવાથી ઘણા ફાયદો થાય છે. ઠંડા પીણા, ફ્રીજનું પાણી, બરફ, આઇસસ્ક્રીમ આમેય આરોગ્ય માટે હાનીકારક, આ વાયરસ શાંત ન થાય ત્યાં સુધી ટાળો.

પ્રતિકારક શક્તિ વધારવા વિટામીન 'સી' ખૂબજ ઉપયોગી છે. લીંબુ અને તેની છાલમાં ભરપુર વિટામીન 'સી' છે. લીંબુ શરબત કે દાળ વગેરેમાં વાપરો. લીંબુને ૮ કલાક ફ્રીજરમાં રાખી તેને છાલ સહિત ખમણી એ ખમણનો સૂપ, દહીં, ગ્રીન ટી, હર્બલ ટી, કે પીણામાં ભભરાવી ખાવામાં ઉપયોગ કરો. ઘરે બનાવેલ આંવલા સોપારી, મુખવાસ કે ચવનપ્રાસ વગેરેનો ઉપયોગ કરીએ. સંતરા, પેરૂ, પપૈયા જે મળે તે ખાઇએ. વિટામીન 'ડી' માટે રોજ સવારે ૯-૧૦ વાગે ચામડી પર તડકો પડે તેમ ૨૦ મિનિટ બેસીએ (કાચમાંથી આવતો તડકો ફાયદો કરતો નથી) વિટામીન 'ડી' હોર્મોન્સ છે એટલે ગોળી પ્રમાણ બહાર લેવાય તો નુકશાન કરે એટલે બને ત્યાં સુધી તડકામાં બેસો. આદુ, જેષ્ટીમધ, મેથી, રાજગરો અને સ્વમુત્રમાં કુદરતી સ્ટેરોઇડ હોય છે જે પ્રતિકારક શક્તિ વધારે, માટે રોજીંદા ઉપયોગમાં લ્યો. સરગવાની સીંગ અને પાન, નાળિયેર પાણી, લસણ, કાંદા, હળદર, કોળાના બી, લાલ કેપ્સીકમ, મરચા વગેરે ખાવાથી પ્રતિકાર શક્તિ વધે. હોમિયોપેથીની 'આર્સેનિક આલ્બમ-૩૦' (૩૦ પાવર) ભૂખ્યા પેટે ૩ ગોળી - ૩ દિવસ લેવી. ગોળી ખાધા બાદ અડધો કલાક કાંઇ ખાવું નહીં. જેમને હાઇ બી.પી, થાઇરોઇડ, ડાયાબીટીઝ હોય તેમણે નિયમિત ગોળી લેવી.

કોવિડ-૧૯ના દર્દીના સંપર્કમાં આવ્યા હો કે એવા લક્ષણો હોય તો ગભરાયા વગર બે દિવસ માટે દર બે કલાકે ગરમ પાણી, આખો લીંબુ શરબત રૂપે કે દાળ-સૂપમાં નાખી લ્યો. વિટામીન 'સી' ૫૦૦ મી.ગ્રા. ની ગોળી લ્યો. દિવસમાં બે વાર અડધી ચમચી હળદર મોઢામાં રાખો. જેથી ધીરે ધીરે ગળામાં ઉતરે અને તેની પૂરી અસર મળે. ઉપર જણાવેલ ઉકાળો (તુલસી-સૂંઠ-મરીનો) બે વાર લ્યો. અડધી ચમચી સૂંઠ પાવડર કે સૂંઠ-ઘી-ગોળ લ્યો. આમ ગભરાયા વગર મજબૂત મનોબળ થી સામનો કરીએ.

## શ્રી પ્રતાપ નારાણજી દંડ ને 'કચ્છ શક્તિ એવોર્ડ-૨૦૨૦'

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદને સામાજિક સેવા ક્ષેત્રે સદાય સમર્પિત શ્રી પ્રતાપ નારાણજી દંડ



શ્રી પ્રતાપ નારાણજી દંડનો જન્મ તા. ૧૮-૧૨-૧૯૪૩ના કચ્છના અબડાસા તાલુકાના તેરા ગામે થયો હતો. તેમના પિતાશ્રી અંજાર મુકામે સ્થાયી થયેલ હોવાથી તેમણે પણ પોતાનું વતન અંજાર બનાવી દીધું હતું. ત્યાં એસ. એસ. સી. પાસ કર્યા બાદ મુંબઈ ગયા અને ત્યાં ૧૯૬૩માં ઓટોમોબાઈલ એન્જિનીયરિંગનો ડિપ્લોમાં મેળવીને ફરી અંજાર આવ્યા અને પોતાનું કામકાજ શરૂ કર્યું હતું. ત્યાર બાદ 'મેસર્સ અરજણ ખીમજી ની કંપની' માં જોડાયા હતા અને તે પેઢીની બ્રાન્ચ ઑફિસ સંભાળતા ૧૯૭૨ બાદ અમદાવાદ આવ્યા. ૧૯૯૯ થી તેઓએ પોતાનો સ્વતંત્ર ધંધો ચાલુ કર્યો. શ્રી પ્રતાપભાઈએ ૨૦૦૨ થી શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદનું મંત્રીપદ સંભાળ્યું હતું. ત્યાર બાદ ૨૦૧૪ થી વર્તમાનકાળ સુધી સમાજના પ્રમુખપદે બિરાજમાન છે.

કોઈપણ સમાજનું મંત્રીપદ અને પ્રમુખપદ સંભાળવું એ ખૂબજ કઠિન છે. બન્ને પદ પર રહેનાર વ્યક્તિની જવાબદારી અને કાર્યક્ષેત્ર વિશાળ સ્વરૂપે રહે છે. શ્રી પ્રતાપભાઈએ આ બન્ને પદ પર પોતાની જવાબદારી ખૂબ જ સુંદર રીતે બજાવી છે અને બજાવી રહ્યા છે. શ્રી પ્રતાપભાઈ શ્રી કચ્છી જૈન સેવા સમાજ અમદાવાદમાં કોઈપણ પદ હોય, આ સમાજની છબી નિખારવામાં તેઓ સતત કાર્યશીલ રહ્યા છે. આજે પણ પ્રમુખ તરીકે દરરોજ સમાજના વિકાસ માટે અને વિવિધ પ્રવૃત્તિના સુચારૂ સંચાલન માટે સમાજની ઑફિસમાં પોતાનો કિંમતી સમય નિયમીત રીતે ફાળવે છે. સમાજના મંત્રીપદના કાર્યકાળ તેમજ ત્યાર બાદ પ્રમુખપદના અત્યાર સુધીના કાર્યકાળ દરમ્યાન તેમની વિવિધ પ્રવૃત્તિઓ અને સમાજને સામાજિક સેવાના ક્ષેત્રે આપેલ યોગદાન અમૂલ્ય છે.

સમય પ્રવાહ

# જ્ઞાતિમાં ઘટતી જતી જન સંખ્યાની સમસ્યા

- પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) કોઠારા-સુરત
મો. 9978903247



આ લેખ એવા સંવેદનશીલ, વિવાદાસ્પદ અને ચર્ચાસ્પદ વિષય સંબંધી છે, જે જૈન સમાજની અને વિશેષ કરીને આપણી જ્ઞાતિની અનેક સમસ્યાઓ પૈકી એક સમસ્યા છે, જેની વ્યક્તિ કે પરિવારને ખાસ અસર ના પડે પણ એક સમૂહ જે આ લેખના સંદર્ભમાં જ્ઞાતિ છે, તેને લાંબે ગાળે જરૂર અસર કરી શકે છે. બની શકે છે કે મારા વ્યકતિગત વિચારો કે તારણો કોઈ સુજ્ઞ જૈન બંધુ કે ભગિનીને યોગ્ય ના લાગ્યા હોય તો અગ્રીમ ક્ષમાયાચના અને મિચ્છામિ દુક્કડમ. હાલમાં કેન્દ્રમાં સત્તારૂઢ પક્ષના કેટલાક નેતાઓ દ્વારા એવી વાતો વહેતી કરવામાં આવેલ છે કે વધતી જતી વસ્તીના કારણે વિકાસના ફળોનો લાભ કે અસર જણાતી નથી. અને કેન્દ્ર સરકાર બે થી વધુ બાળક હોય તેને ઘણા બધા સરકારી આર્થિક લાભો અને નોકરીમાંથી વંચિત કરવાની નીતિ પર પણ ગંભીરતાથી વિચાર કરી રહી છે. વર્ષોથી મોટા ભાગના નેતાઓ આ જ વિષયને આગળ કરે છે કે, વસ્તી વિસ્ફોટ એ દેશની પ્રગતિ કે વિકાસમાં સૌથી મોટો અવરોધ છે. સામ્યવાદી દેશ ચીનમાં તો વર્ષો સુધી એક જ બાળક પેદા કરવાનો લોખંડી નિયમ હતો, જેને આ દશકામાં હળવો બનાવીને બે બાળકો પેદા કરવા માટેની છૂટ આપવામાં આવેલ છે. જે વસ્તુસ્થિતિ મેં આજ લેખના કોઈ અન્ય પાના પર ગ્રાફ દ્વારા સમજાવેલ છે તેનો અણસાર ચીનને આવી ગયો છે અને બે બાળકોની છૂટ આપી છે. જયારે સમગ્ર વિશ્વ આ વસ્તી વિસ્ફોટની સમસ્યાથી ગ્રસ્ત છે ત્યારે જૈનો અને **ખાસ કરીને આપણી જ્ઞાતિમાં ઘટતી જતી જન સંખ્યા એ અત્યારે તો નાની સમસ્યા છે પણ લાંબે ગાળે વિકટ પરિસ્થિતિનું સર્જન કરી શકે છે.**

આમ તો આ લેખના શીર્ષક વિષય પર મારો લેખ પ્રકાશમાં આવવાનો હતો પણ કેટલાક કારણોસર પ્રકાશિત ના થયો, પણ તે લેખ માટે મેં જે આંકડાઓ અને કોઠો તૈયાર કરેલો હતો તે પ્રકાશ સમીક્ષાના અંક નંબર ૨૪ તારીખ ૭ થી ૧૩ જૂન ૨૦૧૪માં પ્રકાશિત થયા હતા જે નીચે પ્રમાણે છે.

| YEAR | DEATH | BIRTH | NET DEPLETION |
|---|---|---|---|
| #2010 | 110 | 68 | 42 |
| 2011 | 264 | 182 | 82 |
| 2012 | 232 | 185 | 47 |
| 2013 | 260 | 153 | 107 |
| *2014 | 120 | 107 | 13 |
| TOTAL | 986 | 695 | 291 |
| # 7TH AUGUST TO 31ST DECEMBER 2010 | | | |
| * TILL APRIL 2014 | | | |

આની સાથે **અગાઉના વસ્તી પત્રકોમાં આવેલ જ્ઞાતિની તથા પ્રકાશ સમીક્ષામાં આવેલ કેટલાક લેખોની માહિતિઓ પ્રમાણે** વસ્તીના આધારભૂત આંકડાઓ નીચે પ્રમાણે છે.

| સંવત | અંગ્રેજી વર્ષ | જન સંખ્યા |
|---|---|---|
| ૨૦૧૪ | ૧૯૬૮ | ૧૯૨૬૫ |
| ૨૦૩૪ | ૧૯૭૮ | ૨૨૭૧૪ |
| ૨૦૪૬ | ૧૯૯૦ | ૨૫૮૩૮ |
| ૨૦૫૮ | ૨૦૦૨ | ૨૮૧૬૮ |
| ૨૦૬૯ | ૨૦૧૩ | ૨૭૫૦૦ |

પ્રકાશ સમીક્ષામાં આવેલ છેલ્લા ત્રણ વર્ષ, જાન્યુઆરી ૨૦૧૭ થી ડિસેમ્બર ૨૦૧૯ સુધીના જન્મ અને મરણના આંકડાઓ નીચે પ્રમાણે છે, જે દર્શાવે છે કે જ્ઞાતિમાં જનસંખ્યામાં ચિંતાજનક દરે સતત ઘટાડો થઇ રહ્યો છે.

| વર્ષ | જન્મ | મૃત્યુ | ચોખ્ખો ઘટાડો |
|---|---|---|---|
| ૨૦૧૭ | ૧૨૩ | ૩૦૫ | ૧૮૨ |
| ૨૦૧૮ | ૧૦૭ | ૨૩૨ | ૧૨૫ |
| ૨૦૧૯ | ૧૦૧ | ૩૬૧ | ૨૬૦ |
| કુલ | ૩૨૫ | ૮૮૪ | ૫૬૭ |

મનુષ્ય સામાજિક પ્રાણી છે; એટલે મૂળભૂત રીતે મનુષ્યમાં સમૂહમાં રહેવાની પ્રાકૃતિક અને કુદરતી વૃત્તિ છે. આપણો જૈન ધર્મ પણ મનુષ્યને પંચેન્દ્રિય અને બુદ્ધિમાન જીવ માને છે. આવા સમૂહને નાત, જાત, જ્ઞાતિ, કોમ, ગચ્છ કે સંપ્રદાય એવા અલગ અલગ નામો આપવામાં આવેલ છે પણ આ લેખના પરિપ્રેક્ષ્યમાં આપણે તેને જ્ઞાતિ કહીશું. કોઈ પણ સામાજિક સમૂહ જે આ લેખના પરિપ્રેક્ષ્યમાં જ્ઞાતિ છે, તેનું નાનામાં નાનું એકમ એ કુટુંબ હોય છે, તેથી જો જ્ઞાતિનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય તો કુટુંબ કે પરિવારને ટકાવવું બહુજ જરૂરી છે. એક બહુજ સરસ અંગ્રેજી કહેવત છે A chain is as strong as the weakest link in it. મતલબ કે કોઈ પણ સાંકળ એ તેની નબળી કડી જેટલી જ મજબૂત હોય છે. એટલે જો જ્ઞાતિ સમુદાય રૂપી સાંકળને મજબૂત કરવી હોય કે તેનું અસ્તિત્વ ટકાવી રાખવું હોય તો જ્ઞાતિના પરિવાર કે કુટુંબનું સંવર્ધન કરવું જરૂરી છે.

કોઈ પણ સમૂહનું પીઠબળ તેના સભ્યોની સંખ્યા હોય છે, તેથી જો સમગ્ર જ્ઞાતિને મજબૂત કરવી હોય તો, સામાન્ય સમજણ પ્રમાણે તેના સભ્યોની સંખ્યા વધારવી જરૂરી છે. **જ્ઞાતિ એ કાયમી સંસ્થા છે, જયારે મનુષ્યનું આયુષ્ય મર્યાદિત હોય છે, તેથી જો જ્ઞાતિને ટકાવી રાખવી હોય તો દરેક જ્ઞાતીજને પોતાની હયાતી બાદ પણ પોતાના કુટુંબને ટકાવી રાખવું જોઈએ,** જેના માટે પ્રાકૃતિક અને સમાજ માન્ય વ્યવસ્થા છે લગ્ન અને તેના દ્વારા સંતાન ઉત્પત્તિ જે કુદરત કે સર્જનહાર દ્વારા કરવામાં આવેલ વ્યવસ્થા છે. અને આ રીતે દરેક સજીવ પોતાની જીવન સમાપ્તિ બાદ પણ પોતાનો અંશ મુકતો જાય છે, જેને આપણે મનુષ્યો વશંજ કહીયે છીએ અને અન્ય સજીવોમાં પ્રજોત્તિ કહેવાય છે. અને આ રીતે યુગો યુગોથી પૃથ્વી પર સજીવોની જન્મ મરણની પ્રક્રિયા નિરંતર અને સતત ચાલે છે. પણ પરિવર્તનની નિરંતર પ્રક્રિયા અને સંજોગો પ્રમાણે મનુષ્ય પોતાની જીવનશૈલીને બદલે છે, જેની આર્થિક અને સામાજિક અસર વ્યક્તિ, પરિવાર અને સમુદાયને પણ થાય છે. આ લેખના પરિપ્રેક્ષ્યમાં સામુદાયિક અસરમાં સંયુક્ત કુટુંબ વ્યવસ્થાનો ઘસારો અને વિભક્ત કુટુંબ વ્યવસ્થાનો ઉદય, બાળ લગ્નોની જગ્યાએ પુખ્ત વય કે તેનાથી પણ વધારે વયે લગ્નો, એક કે બે સંતાનોની ઉત્પત્તિ વગેરે મુખ્ય માની શકાય, અને ખાસ કરીને લગ્નસંસ્થા જે વંશવૃદ્ધિ અને સાતત્ય માટેની સમાજ, શાસ્ત્રો અને સરકાર માન્ય વ્યવસ્થા છે તેના પર બહુજ વિપરીત અસર થઇ છે. આ પરિસ્થિતિને બહુ વિસ્તારપૂર્વક માત્ર શબ્દો દ્વારા નહીં પણ અંકો અને કોઠા મારફતે સમજાવવાનો મારો પ્રયાસ છે. જે આ લેખના હવે પછીના ભાગનું મુખ્ય અંગ છે, જેમાં સંખ્યા અને સંજ્ઞાઓ દ્વારા પરિસ્થિતિને ઉજાગર કરવામાં આવેલ છે અને તેનું થોડું વિવરણ પણ કરેલ છે. અંકો તો સ્પષ્ટ છે તેની સાથે કૌંશમાં સંજ્ઞા આપેલ છે, જે પુરૂષ માટે (પૂ), સ્ત્રી માટે (સ્ત્રી) અને સંતાન માટે (સં) પસંદ કરેલ છે.

| મુખ્ય ક્રમાંક | પેટા ક્રમાંક | હૈયાતી સમય સંખ્યા | હૈયાતી બાદ સંખ્યા | સમુદાય પર ચોખ્ખી અસર | અલ્પ સમજ |
|---|---|---|---|---|---|
| ૧ | ૧.૧ | ૧(પૂ) | ૦ (પૂ) | -૧ (પૂ) | ઘટાડો |
| | ૧.૨ | ૧(સ્ત્રી) | ૦(સ્ત્રી) | -૧ (સ્ત્રી) | ઘટાડો |
| ૨ | ૨.૧ | ૧(પૂ)+૧ (સ્ત્રી)+૦(સં) | ૦ | -૨ | ઘટાડો |
| ૨ | ૨.૨ | ૧(પૂ)+૧(સ્ત્રી) +૧ (સં) | ૧ (સં) | -૧ | ઘટાડો |
| | ૨.૩ | ૧(પૂ)+૧(સ્ત્રી) +૨(સં) | ૨ (સં) | ૦ | કોઈ અસર નહીં |
| | ૨.૪ | ૧(પૂ)+૧(સ્ત્રી) +૩(સં) | +૩(સં) | +૧ | વધારો |

હવે આ ઉપરના કોઠાના વિવરણનું થોડું વિસ્તરણ, વિસ્તાર કે સમજ ક્રમાંકવાર આપીશ. મુખ્ય ક્રમાંક ૧ એવી સામાજિક પરિસ્થિતિ દર્શાવે છે, જેમાં કોઈ વ્યક્તિ કુંવારા મૃત્યુ પામે છે; જે પેટા ક્રમાંક ૧.૧માં પુરૂષ અને પેટા ક્રમાંક ૧.૨માં સ્ત્રી છે. જેના મૃત્યુ બાદ તે સમુદાયની જન સંખ્યામાં ૧ વ્યકતિની ચોખ્ખી ઘટ્ટ નીવડે છે. મુખ્ય ક્રમાંક ૨ એવી સામાજિક પરિસ્થિતિ દર્શાવે છે, જેમાં પુરૂષ અને સ્ત્રી લગ્નથી જોડાય છે અને ત્યાર બાદ કેવી અલગ અલગ સ્થિતિ (ઘટાડો, જાળવણી અને વૃદ્ધિ) પેદા થાય છે તે પેટા ક્રમાંક ૨.૧, ૨.૨, ૨.૩ અને ૨.૪ દ્વારા દર્શાવેલ છે. પેટા ક્રમાંક ૨.૧ એવી સામાજિક પરિસ્થિતિ દર્શાવે છે, જેમાં પુરૂષ અને સ્ત્રી લગ્નથી જોડાય છે, પણ કોઈ કારણથી નિ:સંતાન મૃત્યુ પામે છે, તેથી આવા દંપતીના મૃત્યુ પછી સમુદાયમાં ૨ વ્યકતિની ચોખ્ખી ઘટ્ટ નીવડે છે. પેટા ક્રમાંક ૨.૨ એવી સામાજિક પરિસ્થિતિ દર્શાવે છે, જેમાં પુરૂષ અને સ્ત્રી લગ્નથી જોડાય છે પણ માત્ર એક જ સંતાનને જન્મ આપે છે, તેથી આવા દંપતીના મૃત્યુ પછી સમુદાયમાં ૧ વ્યકતિની ચોખ્ખી ઘટ્ટ નીવડે છે. પેટા ક્રમાંક ૨.૩ એવી સામાજિક પરિસ્થિતિ દર્શાવે છે, જેમાં પુરૂષ અને સ્ત્રી લગ્નથી જોડાય છે, અને બે સંતાનોને જન્મ આપે છે; તેથી આવા દંપતીના મૃત્યુ પછી સમુદાયની જનસંખ્યામાં ચોખ્ખી ઘટ્ટ શૂન્ય નીવડે છે. આ એક એવી પરિસ્થિતિ છે જેમાં સમાજની જનસંખ્યા જળવાઈ રહે છે. પેટા ક્રમાંક ૨.૪ એવી સામાજિક પરિસ્થિતિ દર્શાવે છે, જેમાં પુરૂષ અને સ્ત્રી લગ્નથી જોડાય છે અને ત્રણ સંતાનોને જન્મ આપે છે; તેથી આવા દંપતીના મૃત્યુ પછી પણ સમુદાયની જનસંખ્યામાં એક સભ્યની વૃદ્ધિ નીવડે છે.

હાલમાં જ્ઞાતિમાં મોટા ભાગે એક સંતાનનું ચલણ જોવા મળે છે. જ્ઞાતિમાં છેલ્લા દસકામાં ઘટતી જતી જન સંખ્યાનું કદાચ આ સૌથી મોટું કારણ છે. આ એક સંતાનનું ચલણ ભવિષ્યમાં કેવા પરિણામ લાવી શકે છે તે એક કાલ્પનિક દ્રષ્ટાંત દ્વારા રજુ કરૂં છું, જેમાં કેટલાક અનુમાનો નીચે પ્રમાણે છે જે વાસ્તવિક પરિસ્થિતિમાં અલગ હોઈ શકે છે પણ એક સમજણ માટે આ ઉદાહરણ પૂરતું છે. આ ઉદાહરણમાં મેં માત્ર ૬૪૦ વર્ષનો સમય ગાળો લીધો છે, જે કદાચ પરિસ્થિતિની ગંભીરતા દર્શાવવા માટે પૂરતું છે.

કન્યા અને કુમારનો જન્મ દર સરખો છે.


દરેક વ્યકતિનું સરેરાશ આયુષ્ય ૮૦ વર્ષનું છે.


દરેક યુગલ સરેરાશ ૩૦ વર્ષની ઉંમરે સંતાન પ્રાપ્ત કરે છે.

દરેક યુગલ એ એક સંતાન ને જન્મ આપે છે.

જો આ ઉદાહરણ માટેના અનુમાનો પ્રમાણે તે સમુદાયની જન સંખ્યા ચાલુ રહે, તો માત્ર ૨૪૦ વર્ષમાં જ તે સમુદાયની જન સંખ્યા એક પરિવાર જેટલી જ રહી જાય અને તેનું સમુદાય તરીકે અસ્તિત્વ જોખમમાં આવી જાય. અહીં મેં ચાર્ટ, ગ્રાફ અને કોઠા માટે અંગ્રેજી ભાષાનો પ્રયોગ કરેલ છે, જે બદલ ક્ષમા. આ ગ્રાફનું તારણ એ છે કે દર ૮૦ વર્ષે તે સમુદાયની વસ્તી લગભગ અડધી થઇ જાય છે.

| STAGE | COUPLE (M+F) | CHILD (M+F) | TOTAL STRENGTH (M+F) | YEARS FROM NOW |
|---|---|---|---|---|
| 1 | 100 | 50 | 150 | PRESENT |
| 2 | 50 | 25 | 75 | 80 |
| 3 | 25 | 13 | 38 | 160 |
| 4 | 13 | 7 | 20 | 240 |
| 5 | 7 | 4 | 11 | 320 |
| 6 | 4 | 2 | 6 | 400 |
| 7 | 2 | 1 | 3 | 480 |
| 8 | 1 | 1 | 2 | 560 |
| 9 | 1 | 1 | 2 | 640 |




અત્યારે તો આપણી જ્ઞાતિની પરિસ્થિતિ જનસંખ્યા બાબત એટલી ખરાબ નથી, કારણકે સંવત ૨૦૨૪ના (અંગ્રેજી ૧૯૬૮) વસ્તી પત્રકના આંકડા પ્રમાણે ત્યારે આપણી સંખ્યા ૧૯૨૬૫ હતી. જે સંવત ૨૦૫૮ના (અંગ્રેજી ૨૦૦૨) વસ્તી પત્રકના આંકડા પ્રમાણે વધીને ૨૮૧૬૪ ની થઇ પણ ત્યાર પછી ઘટાડો ચાલુ થયો છે.

ઓગસ્ટ ૨૦૧૦ થી એપ્રિલ ૨૦૧૪ ડિસેમ્બર સુધીના ૪૫ મહિનામાં જ્ઞાતિની વસ્તીમાં કુલ ઘટાડો ૨૯૧નો છે, વત્તા છેલ્લા ત્રણ વર્ષો એટલે કે જાન્યુઆરી ૨૧૦૭ થી ડિસેમ્બર ૨૦૧૯ના માત્ર ૩૬ મહિનામાં જ્ઞાતિની વસ્તીમાં ઘટાડો ૫૬૭ નો છે. એટલે માત્ર ૮૧ મહિના કે લગભગ ૭ વર્ષના સમય ગાળામાં કુલ ૮૫૮ જેટલો એટલે કે લગભગ ૨.૮૬ ટકાનો ઘટાડો દર્શાવે છે. આ આંકડા દર્શાવે છે કે જ્ઞાતિમાં વસ્તી ઘટાડાની સમસ્યા વકરી રહી છે, અને જે લાંબે ગાળે જ્ઞાતિ માટે હિતકર નથી. ગુજરાતમાં એવું કહેવાય છે કે વાણીયા (જૈનો પણ તેમાં સામેલ છે) 'પાણી પહેલાં પાળ બાંધે' અન્ય એક કહેવત 'ગઢના પહેલાં કાંકરા ખરે અને પછી કાંગરા ખરે' પણ આ સ્થાને યથાયોગ્ય લાગે છે. એટલે જો સમયસર ઉપાય ના થાય તો સમસ્યા વકરી શકે છે. જ્ઞાતિના યુવાનોના લગ્ન જેવી જ આ સમસ્યા છે, જેનો તૈયાર કે તાત્કાલિક ઉપાય નથી, પણ જો આપણને સમસ્યા જ ખબર ના હોય તો આપણે અજ્ઞાની ઠરીએ. આ સમસ્યાઓ એવી છે જે પરિવારને થોડા પ્રમાણમાં અસર કરે પણ લાંબે ગાળે જ્ઞાતિના અસ્તિત્વને જરૂર અસર કરે. હાલમાં આપણી સંખ્યા (જ્ઞાતિના એકત્રિતકરણ પછી) અંદાજે ૩૦ હજાર જેટલી છે એવું વારંવાર સાંભળેલું છે. આ લેખ લખવા પાછળ મારો આશય જ્ઞાતિની વસ્તી કેટલી છે તે દર્શાવવાનો નહીં, પણ જે દરે સતત ઘટાડો થઇ રહ્યો છે તે બાબત ઉજાગર કરવાનો છે.

તારીખ ૧૮ નવેમ્બર ૨૦૧૯ના ગુજરાત સમાચારની સુરત આવૃત્તિમાં આવેલ ધવલ મહેતાના લેખ 'અર્થકારણના આટાપાટા' પ્રમાણે સમયે સમયે દેશની જનસંખ્યા કેટલી હતી અને કેટલા ભયંકર પ્રમાણમાં વધી રહી છે તેના આંકડા નીચે કોઠામાં સરખામણી માટે આપેલ છે. જે જોતાં એવું જરૂર લાગે કે અન્ય જ્ઞાતિઓ કે કોમની સરખામણીએ આપણે દિવસે ને દિવસે વધારે અલ્પ સંખ્યક થઇ રહ્યા છીએ.

| અંગ્રેજી વર્ષ | દેશની જનસંખ્યા કરોડમાં |
|---|---|
| ૧૯૦૧ | ૨૩.૩ |
| ૧૯૫૧ | ૩૬.૧ |
| ૧૯૯૧ | ૮૪.૬ |
| ૨૦૦૧ | ૧૦૨.૭ |
| ૨૦૧૧ | ૧૨૧ |

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## કોવિડ-૧૯ ટેસ્ટમાં ડોમ્બીવલી મંડળ આપશે ૫૦% સહાય

કોવિડ-૧૯ રોગચાળાના વાયરસના વર્તમાન પ્રસાર અને એની અસરોને નજરમાં રાખતાં શ્રી કેડીઓ ડોમ્બીવલી મંડળે કોવિડ-૧૯ના ટેસ્ટના રાજ્ય સરકારે મુકર્રર કરેલા દરે થતા ખર્ચમાં ૫૦% સહયોગ આપવાનો નિર્ણય લીધો છે.

જરૂરિયાતવાળા ક.દ.ઓ. જ્ઞાતિજન ડોમ્બીવલી મંડળના નવા બંધારણ મુજબ કાર્યાધિકાર (જ્યુરિસ્ડીક્શન) વિસ્તારની મર્યાદામાં ઉપરોક્ત નિર્ધારિત સહાય આપવાનો નિર્ણય કર્યો છે એમ મંડળની યાદીમાં જણાવવામાં આવ્યું છે. વધુ માહિતી માટે પ્રમુખ હેમંતભાઇ ધુલ્લા - 99205 56270, ભુપેન્દ્રભાઇ ડાઘા - 98198 83522, મહેન્દ્રભાઇ મોતા - 93231 82653 નો સંપર્ક સાધવો.

## કર્ણાટકના ડેન્ટિસ્ટ કેડીઓ દંપતિનું આદર્શ રિવર્સ માઇગ્રેશન

ડૉ. બીના અને ડૉ. સિધ્ધાર્થ દિનેશ લોડાયા કારમંગળા, બેંગલૂરૂ ખાતે પોતાનું ડેન્ટલ ક્લિનિક ચલાવતા હતા. સતત દસ વર્ષ સુધી પોતાનું ક્લિનિક ચલાવ્યા બાદ હાલમાં તેમણે રાજધાનીનું શહેર છોડી જિલ્લા મથક હાવેરીમાં પોતાની ડેન્ટલ હૉસ્પિટલ શરૂ કરી છે. માત્ર દોઢ લાખની વસતી ધરાવતા શહેરમાં રાજ્યની રાજધાની છોડી અદ્યતન સામગ્રીથી સજ્જ દવાખાનું/હૉસ્પિટલ શરૂ કરવાનું કોઇ વિચારે પણ નહીં. ઓર્થોડેન્ટિસ્ટ ડૉ. સિધ્ધાર્થ અને ડૉ. બીના ચોક્કસ અભિનંદનીય છે. એમના ક્લિનિકનું નામ છે, આઇ સ્માઇલ એલાઇન ડેન્ટલ ક્લિનિક


**સાડીઓના અનુભવી શાંતીભાઈને મળો...**
પારસી વર્ક, કસબ વર્ક, જીક કસબ, પીટા વર્ક, મોચી ટાકો, બટ કસબ, ફુલહારી, ધારવાડી, હાથ વર્ક અને મશીન વર્કની સાડીઓ અને ચણીયાચોળી રેડી સ્ટોકમાં મળશે.
તેમજ ઓર્ડરથી બનાવી આપવામાં આવશે.
તમારી જુની સાડીઓને ઓલ્ટર કરી આપશું.
**સોનલ આર્ટ**
**Mob.: 99678 41792**
'શિવમ', ડી-૨૦૧, રઘુનાથ નગર, વાગલે એસ્ટેટ, રોડ નં. ૯, શિવસેના ઓફીસની સામે, થાણા-૪૦૦ ૬૦૪.


## સમસ્ત મહાજન ટ્રસ્ટ બોર્ડની મીટીંગ

સમસ્ત મહાજનના ટ્રસ્ટ બોર્ડની ઑનલાઇન મીટીંગ શનિવાર તા. ૨૭ જુનના રોજ તિલકચંદભાઇ દંડના પ્રમુખપદે યોજાઇ હતી. આ મીટીંગમાં ૨૧ ટ્રસ્ટી હાજર રહ્યા હતા. સદર બેઠકમાં વધુમાં વધુ જ્ઞાતિજનોને મદદરૂપ થવા માટે પ્રયાસ કરવા, ગ્લોબલ કાર્ડની સમીક્ષા અને વધુ મેમ્બર બનાવવાની જવાબદારી દેવાંગભાઇ ખોના અને પ્રવીણભાઇ લોડાયાને આપવામાં આવી હતી જ્યારે મહારાષ્ટ્ર એકમના બાકી રહેલાને મેમ્બર બનાવવાની જવાબદારી તિલકચંદ ભાઇએ તથા હાલાર વિસ્તારના બધા ગામોના મેમ્બર બનાવવાની જવાબદારી બિપીનભાઇ નાગડાએ લીધી હતી. મીટીંગનું સંચાલન નિશીથભાઇ દંડે કર્યું હતું. ઉપસ્થિત ટ્રસ્ટીઓએ આવી ઓનલાઇન મીટીંગ સમયાંતર યોજવા અંગે મત વ્યક્ત કર્યો હતો.

## ઓનલાઇન ધર્મ શિક્ષણ

મુંબઇ મહાજન દ્વારા જ્ઞાતિને ધર્મોન્મુખ રહેવામાં સહાય આપવાના હેતુથી અષાઢી બીજના મંગલ દિનથી ધર્મ શિક્ષા ફ્રોમ હોમ (ડી એફ એચ)ની શરૂઆત કન્વીનર મનોજભાઇ દામજી લોડાયા માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવી છે. આ પહેલને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. સોમથી શનિ સવાર સાંજ આ ઉપક્રમ વૉટસએપ પર ઉપલબ્ધ છે.

વધુ માહિતી માટે મનોજભાઇ લોડાયાનો મો. ૯૮૩૩૦૯૯૮૦ પર સંપર્ક કરી શકાય.

## ઘાટકોપર કચ્છ રત્ન એવૉર્ડ

અષાઢી બીજથી શરૂ થતા કચ્છી નવા વર્ષની ઉજવણી પ્રસંગે ઘાટકોપર ગુજરાતી સમાજ પ્રેરિત, શ્રી ઘાટકોપર કચ્છ વાગડ વિકાસ સમાજ આયોજિત ઘાટકોપર કચ્છ રત્ન એવૉર્ડ જાહેર કરાયા હતા.

આપણી જ્ઞાતિના મૂળ જખૌના ડૉ. રાહી નાગડા - પારેખ ને કચ્છ રત્ન એવૉર્ડ એનાયત થયો હતો. એમના ઉપરાંત વીઢના હરીશભાઇ અને શ્રીમતી સ્મિતા નાગડા, નલિયાના પ્રકાશભાઇ દાવડા, ડૉ. જતીનભાઇ આશર ગામ તેરા, માંડવીના સુધીરભાઇ વોરા, તેરાના જ મહેશભાઇ અને મનીષા ભદ્રા, ગઢશીશાના વસીલા વિજય સેંઘાણી તથા ગાગોદરના ડૉ. ફાલ્ગુન સુરેશભાઇ ગડાને

ઘાટકોપર કચ્છ રત્ન એવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા.

આ પ્રસંગે દેવન્દ્રભાઇ ફડનવીસજીના આશીવર્ચન સાથે મુખ્ય અતિથી સાંસદ મનોજભાઇ કોટક, અતિથિ વિશેષ વિધાન સભ્ય પરાગભાઇ શાહ અને નગર સેવિકા શ્રીમતી બિન્દુબેન ત્રિવેદી ઉપસ્થિત હતા. જ્યારે બન્ને આયોજન સંસ્થાઓ તરફથી પ્રવીણભાઇ છેડા - ચેરમેન (મા. નગરસેવક), પ્રમુખ જીતેન્દ્ર મોહનલાલ મહેતા તથા સેક્રેટરી જીજ્ઞેશ અશ્વિન ખીલાણી મુખ્ય નિમંત્રક હતા.

## એ ગ્રુપના બ્લડવાળાને કોરોનાનું જોખમ

ઈંગ્લૅન્ડની તબીબી પત્રિકા ન્યૂ ઈંગ્લૅન્ડ જર્નલ ઑફ મેડીસીન પ્રકાશિત અહેવાલ પ્રમાણે એ-ગ્રુપનું બ્લડ ધરાવતા વ્યક્તિઓને કોવિડ-૧૯નો ચેપ લાગવાની શક્યતા સહુથી વધુ રહે છે.

## કોચીન મહાજનની ઑનલાઈન શ્રી મહાકાળી માતાજીની ભાવના

કોરોના પ્રતિબંધ અને સાવચેતીઓ લક્ષમાં રાખી કોચીન મહાજને શ્રી મહાકાલી માતાજીની ભાવનાની ઑનલાઈન રજુઆત ફેસ બુક પર કરી હતી જેમાં પરેશ દામજી મોતા, સતીષ દંડ તથા લલિત લહેરચંદ લોડાયાએ સંગીતમાં સંગત કરી હતી.

ભાવનાના પ્રાયોજક મા. મધુરીબાઈ દામજી મોતા, પુષ્પાબાઈ હંસરાજ નાગડા (તીરૂપુર) તરફથી ભૂમિક પરેશ મોતાની હૉટેલ ઍન્ડ ટૂરીઝમ મેનેજમેન્ટની ડિગ્રી તથા ઋષભ પરેશ મોતાની એસ. એસ. સી. માં સફળતાના ઉપલક્ષમાં આયોજિત કરવામાં આવી હતી.

## ધ્વનિ નાગડાની યૂ ટ્યૂબ પર વિડીઓ સીરીઝ

ધ્વનિ નિશાંત નાગડા યૂ ટ્યૂબ પર લઘુકથા આદિ સાહિત્યની મીમાંસા પ્રસ્તુત કરે છે. ધર્મ, સાહિત્ય અને ભરત નાટ્યમ્ નૃત્યમાં કુશળ ધ્વનિએ તાજેતરમાં યૂ ટ્યૂબ અને ઈન્સ્ટાગ્રામ પર સુધા મૂર્તિજીની હિન્દુ ધર્મ વિષયક પુસ્તકની મીમાંસા પોતાની સ્ટોરી સ્કેપ સ્ટુડિયો પર રજુ કરી હતી.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676


## ઘૂંટણની સ્ટેમસેલ સારવાર

તાજેતરમાં ઘાટકોપર અને ગોરેગામ ખાતે મહાવીર જ્યોતના ઉપક્રમે જૈન સાધુ ભગવંત અને અન્યો માટે ઘૂંટણની સ્ટેમસેલ સારવાર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આમાં કુલ ૬૮ જણની સારવાર કરવામાં આવી હતી. સામાન્ય જન પાસેથી સારવાર ખર્ચ લેવાયો હતો જ્યારે સાધુ સાધ્વી મ.સા.ની સારવાર નિઃશુલ્ક કરવામાં આવી હતી.

## અક્ષય કિરણ મોમાયા નું કોવિડ-૧૯ સામે રક્ષણ આપતું શસ્ત્ર યુવી સ્ટરીલાઈઝર

આપણા ક.દ.ઓ ૨૨ વર્ષના યુવાન અક્ષય કિરણ મોમાયા જેઓ ભાંડુપ રહે છે અને એન્જિનિયરીંગ નો અભ્યાસ કરે છે, તેમણે લૉકડાઉનમાં પોતાની છેલ્લા વર્ષની પરીક્ષા દરમિયાન ૩૬૦ ડિગ્રી યુવી સ્ટરીલાઈઝર સફળતા પૂર્વ વિકસાવ્યું છે. સંપર્ક : મો. 79771 00362

જેના ઉપયોગ વડે શાકભાજી, દુધની થેલીઓ, ફળો, ખાદ્ય પદાર્થો, વગેરેની સપાટી તેમને મશીનમાં મુક્યા બાદ ૩ મિનિટમાંજ બેડ જર્મ્સ અને વાયરસ મુક્ત થઈ જાય છે. અક્ષયભાઈએ મોમાયા એન્ટરપ્રાઈઝ નામથી સ્ટાર્ટઅપ સાહસ શરૂ કર્યું છે. પ્રકાશ સમીક્ષા અભિનંદન તથા શુભેચ્છાઓ.

## વતનના વર્તમાન

### કોઠારામાં ચાતુર્માસ પ્રવેશ



અબડાસા મોટી પંચતિર્થીના કોઠારા તીર્થે પૂ. સાધ્વીશ્રી આનંદકિરણાશ્રીજી મ.સા. ચાતુર્માસ પ્રવેશ કરતા કોઠારા જૈન સંઘ દ્વારા સામૈયું કરવામાં આવેલ. જિનાલયે ચૈત્યવંદન બાદ પૂજ્યશ્રીએ ઉપાશ્રયે પ્રવેશ કરી માંગલિક વક્તવ્ય આપતાં દ્રવ્ય મંગલ, ભાવમંગલ, ભાવ અહિંસાની સમજ પૂરી પાડતા તપ-સંયમનું મહત્વ સમજાવ્યું હતું.

ટ્રસ્ટી દીનેશભાઇ અજાણીએ સ્વાગત પ્રવચન કરી ચાતુર્માસની રૂપરેખા રજુ કરી હતી. રમીલાબેન લોડાયા


MEDI-CLAIM EXPERT
CLAIMS SETTLEMENT
• REJECTED / DELAYED CLAIMS
• POLICY FROM ALL COMPANIES COVERED
CONTACT EXPERT : 98208 53112

તથા વિમલાબેન વર્ધમાન લોડાયાએ સ્વાગત ગીત રજુ કર્યું હતું. આ પ્રસંગે કોઠારા જૈન સંઘના આગેવાનો શ્રી રતિલાલભાઇ લોડાયા, ઝવેરચંદ ખોના, ધનપતિ લોડાયા, મહેન્દ્ર લોડાયા, શાંતિલાલ ધરમશી, દિનેશ મોતા, સાયરા સંઘના આગેવાનો તથા શ્રાવક-શ્રાવિકાઓ, સરકારશ્રીનાં નિયમો મુજબ લિમિટેડ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


સૂત્ર શાંત સુધારસ ચડાવાનો લાભ પ્રેમાબાઇ લાલજી શામજી અજાણી પરિવારે જ્યારે ચરિત્ર સુર સુંદરીના ચડાવાનો લાભ માતુશ્રી નવલબાઇ માણેકજી પાલાણી પરિવારે લીધો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવરે, જ્યારે આભાર દર્શન ટ્રસ્ટી દિનેશભાઇ અજાણીએ કરેલ. વ્યવસ્થામાં કાંતિલાલ લાલકા, વર્ધમાન લોડાયા, ગુલાબ મોતા, હીરાલાલ જીવાણી, પ્રદિપ મુનવર, દામજી નાગડા, નીલેશ શાહે સહકાર આપ્યો હતો.

## વતનમાં વાવેતર

હાલના વાવાઝોડાના પગલે શરૂ થઇ ગયેલા વરસાદના પરિણામે વતર આવતાં વતનમાં ૮૩ હજાર હેક્ટર ખેતભૂમિમાં વાવેતર થયું છે.

સહુથી વધુ લગભગ ૫૦ ટકાથી વધુ જમીન ૪૩૪૨૨ હેક્ટરમાં કપાસ, બાકીમાં બાજરી, મગફળી, ગુવાર, જુવાર, શાકભાજી અને ઘાસચારાનું વાવેતર આવરી લેવાયું છે. અબડાસામાં ૧૦૧૪૨ હેક્ટરમાં કપાસનું વાવેતર કરવામાં આવ્યું છે. જ્યારે નખત્રાણામાં મગફળીનું વાવેતર સહુથી વધુ ૨૬૨૪ હેક્ટર જમીનમાં કરાયું છે. અબડાસામાં માત્ર ૫૭ હેક્ટરમાં મગફળીનું વાવેતર છે. અત્યાર સુધી કચ્છમાં તલનું વાવેતર ૨૩૦૧ હેક્ટરમાં અને જુવારનું ૧૦૧૨૦ હેક્ટર ઉપરાંત મગ, મીંઢિયાવડ, મઠ (કોરડ), અડદ, શેરડી વગેરેના વાવેતર પણ થયા છે.


રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઇનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

નોંધ લેવી જોઇએ વતનમાં અત્યાર સુધી વિધિવત ચોમાસું બેઠું નથી પણ હવે ઉગી રહેલા મોલને સમય સર એકાદ વરસાદ મળી જાય તો એરંડા સહિત અન્ય પાકનું વાવેતર શક્ય બનશે.

## કચ્છના પરંપરાગત વાદ્ય 'સુરન્ધો'ની ટપાલ ટિકિટ

ભારત સરકારના ટપાલ ખાતાએ વિચરતી જાતિઓના સંગીત વાદ્ય શ્રૃંખલામાં હાલમાં જ ૧૨ ટપાલ ટિકિટોનો સેટ રજુ કરાયો છે. આ સેટમાં દેશના જૂદા જૂદા છ લોક સંગીત વાદ્યો દર્શાવતી શ્રૃંખલામાં 'સુરન્ધો'ની ટપાલ ટિકિટ રજુ થઇ છે. રૂા. પાંચના મૂલ્યની એક એવી કુલ બે ટપાલ ટિકિટોમાંથી એકમાં 'સુરન્ધો' વાજિન્ત્ર અને બીજામાં 'સુરન્ધો' વગાડી રહેલો કલાકાર દર્શાવવામાં આવ્યા છે. સાથે ફર્સ્ટ ડે કવર પણ બહાર પાડવામાં આવ્યા છે.

નોંધવું જોઇએ અત્યાર સુધી કચ્છને લગતા વિવિધ વિષયો અંગે ટપાલ ટિકિટો બહાર પાડવામાં આવી છે. જેમાં ક્રાંતિવીર શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ મ્યુઝિયમ, ઘુડખર, હેન્ડી ક્રાફ્ટ, પં. દીનદયાલ પોર્ટ કંડલા, એમ્બ્રોઇડરી વગેરેનો સમાવેશ થાય છે. 'સુરન્ધો' પ્રાચીન તંતુવાદ્ય છે અને મુખ્યત્વે જત સમુદાય દ્વારા આ વાદ્ય પર ગજ દ્વારા એથનિક લોકગીત વગાડવામાં આવે છે.

## સુથરીના તળાવોના / આવ - ઓગનની મરામત

ધૃતકલોલ પારસ ધામ સુથરીમાં ત્રણ તળાવ છે. ઉમર તળાવ, મોટો તળાવ તથા હાજીપીર તળાવ. પહેલા ઉમર તળાવ ઓગને (છલકે) એટલે મોટો તળાવ અને હાજીપીર તળાવ છલકે.

ઉમર તળાવની ઓગનનો પારો રીપેર કરી દેવાયો છે. સુથરી જૈન મહાજન અને સોનારા પાણી યોજના ટ્રસ્ટના આર્થિક સહયોગથી તળાવોના આવ - ઓગનના મરામતના કામ પાર પાડવામાં આવ્યા છે.

## કચ્છી લીચી

પ્રયોગશીલ કચ્છી ખેડૂતોએ, ખાસ કરીને માંડવીના ગઢશીશા - દેવપરના ખેડૂતોએ લીચી લેવા મનમોહક સુગંધવાળા, ફળોની રાણી તરીકે ઓળખાતા લીચીની સુગંધથી વાડીઓ મઘમઘી રહી છે. અહીંની વિમલશાહની વાડીમાં પ્રાયોગિક ધોરણે ઉછારાયેલા ૧૦ થી ૧૨ વૃક્ષો હાલ લીચીથી લચી પડેલા જોવા મળી રહ્યા છે. લગભગ ચાર વર્ષે લીચીના ફળ આવે છે. જો કે માવજત માગી લેતા આ ફળ વૃક્ષને કચ્છની આબોહવા માફક આવી રહી હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. આમ કચ્છમાં લીચી ઉપરાંત ડ્રેગન ફ્રૂટ, નારીયેળ, દાડમ, ચીકુ, સંતરા વગેરેનું સારા પ્રમાણમાં

ઉત્પાદન થાય છે.

## ગામનું નામ 'કોરોના'

આજકાલ આપણે બધા કોરોનાના સંક્રમણ સામે સચેત છીએ. એક ગામ છે કોરોના. ના! એ નામ હાલની કોવિડ-૧૯ ના ભયના કારણે કે અગાઉ ઉદ્‌ભવેલા કોરોનાના વાયરસના રોગીઓના લીધે નથી પણ યુપીના સીતાપુરના મિશ્રીખ તાલુકાના કોરોના ગામ ની વાત છે.

આ ગામ નૈમિષારણ્યની ચોર્યાસી કોશ (ગાઉ) પરિક્રમાનો પ્રથમ પડાવ પણ આજ ગામમાંજ છે. પરિણામે દેશ વિદેશના હજારો યાત્રાળુઓ દર વર્ષે આ ગામની મુલાકાતે આવતા હોય છે.

નૈમિષારણ્યથી ૧૫ કિલોમીટર દૂર વસેલા ગામમાં પ્રાચીન તીર્થ દ્વારકાધીશનું મંદિર છે તથા બાજુમાં અહલ્યા નામનું પવિત્ર મનાનું તળાવ છે. આ ગામનો ઉલ્લેખ સ્કંદ પુરાણના વિષ્ણુખંડમાં છે અને કોરંડવ વન અપભ્રંશ થઈ કોરોના થઈ ગયું છે. હવે ગામ લોકો આ ગામને બદનામ ન કરવા અને એનું નામ બદલવાની માગણી કરી રહ્યા છે.

## અષાઢી આઠમે માતાના મઢમાં ભક્તોની મેદની

ગુપ્ત નવરાત્રિ તરીકે જાણીતી અષાઢી નવરાત્રિની આઠમે માતાના મઢમાં આશાપુરામાનાં દર્શને ભક્તોની મેદની જામી પડી હતી. કોરોના લૉકડાઉન થી કંટાળેલા કચ્છ અને કચ્છ બહારના ભાવિકોનો મોટો રેલો માતાજીના દર્શને આવી પહોંચ્યો હતો. પરિણામે સારા ધંધાની આશા માંડી બેઠેલા વ્યાપારિયો પણ ખુશ ખુશાલ જણાતા હતા.

## ભુજપુરમાં યતિશ્રીની વંદનાનો કાર્યક્રમ

ગુરૂપૂર્ણિમા નિમિતે શનિવાર તા. ૩ અને ૪ જુલાઈએ મુંદ્રા તાલુકાના ભુજપુર ખાતે યતિ મોતીસાગરજી મહારાજની બે દિવસના ગુરૂવંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. યતિશ્રી મુંબઈવાસી ભક્તોને મોબાઈલ પર માંગલિક સંભળાવશે.

---

## વિગતવાર સમાચાર મોકલવામાં ઔચિત્ય - મર્યાદા

જ્ઞાતિ સંસ્થાની પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોના સમાચારો સમાચાર વિભાગમાં પ્રકાશિત કરવા મોકલતી વખતે મુખ્ય વિગતો જ જણાવવા વિનંતિ છે. દીપ પ્રાગટ્ય, નવકાર મંત્ર પઠન, કોણે કોનું સન્માન કર્યું, ઇનામો-પારિતોષિકો મેળવનારનાં નામો, પર્યુષણમાં કયું સપનું કોણે પધરાવ્યું, ક્યા ક્યા વિશિષ્ટ મહાનુભાવો હાજર રહ્યા હતા જેવી વિગતો સમાચારમાં લઇ શકાતી નથી. આ માટે જાહેરખબરના માધ્યમનો જ ઉપયોગ કરી શકાશે.

## હાથલિયા થોરમાંથી એન્ટી વાયરસ દવા

કોરોના વાયરસ સામે રક્ષણ માટે આખા વિશ્વમાં સક્ષમ વિજ્ઞાનીઓ અને ફાર્મેસીઓ સંશોધન કરી રહી છે. કોણ પહેલાં સફળ થશે તેની પળોજણમાં ન પડતાં આપણે ગુજરાત ટેક્નોલોજીકલ યુનિવર્સિટીના ફાર્મેસી વિભાગના પ્રોફેસર ડૉ. સંજય ચૌહાણે છેલ્લા ત્રણ માસની ફળશ્રુતિમાં હાથલીયા થોરના ફળમાંથી એક એન્ટી વાયરસ દવા બનાવવામાં સફળતા મેળવી છે.

સંજય ચૌહાણે જે એન્ટી વાયરસ દવા તૈયાર કરી છે તે કેટલી કારગત છે તેના ક્લિનિક ટ્રાયલ કરવાના છે. તેમણે આ દવાને હેમ્પાઈન નામ આપ્યું છે. જે કેન્દ્ર સરકારના આયુષ વિભાગને ક્લિનિકલ ટ્રાયલ માટે મોકલાવી છે.

ડૉ. સંજય ચૌહાણ જણાવે છે કે આ દવા શરીરમાં કોઈ પણ વાયરસના પ્રવેશને અટકાવે છે તથા શરીરના કોષોમાં કોઈ પણ પ્રકારના વાયરસની વૃદ્ધિ પણ રોકે છે.

## કોટન કૉર્પોરેશન ઑફ ઈંડિયા માંડવીમાં

છેક ૧૫ વર્ષ બાદ કોટન કૉર્પોરેશન ઑફ ઈંડિયાએ (સીસીઆઈ) માંડવીના ખેડૂતો પાસેથી ટેકાના ભાવે કપાસ ખરીદી કેન્દ્ર શરૂ કર્યું છે.

પાંચ જૂન સૂધીના અહેવાલો મુજબ માંડવી તાલુકામાં ૬૩૫૦ હેક્ટરમાં કપાસનું વાવેતર થયું છે. પ્રથમ રાઉન્ડ સીસીઆઈ ૯૦ મણ કપાસની ખરીદી કરે છે. ભાવ રૂા. ૨૨૦૦/- મણ દીઠ. ખેડૂતને મણ દીઠ રૂા. ૫૦૦/- જેવો નફો મળી શકે છે. માંડવી કેન્દ્રમાં ૭૦ થી ૭૨ હજાર કિલોગ્રામ દૈનિક ખરીદીનું લક્ષ્ય છે. આ લખાય છે ત્યાં સુધી અંદાજે ૧૦ લાખ કિલોથી વધુ કપાસ વેચાણની નોંધણી થઈ છે. ૪૫૦ જેટલા ખેડૂતોએ આ નોંધણી કરાવી છે. જાણકારોના મત મુજબ માંડવીમાં હવે માત્ર ૧૦ ટકા વિસ્તારમાંજ કપાસનું વાવેતર થાય છે.

## સ્વદેશી પીપીઈ મશીન

લુધિયાણા પંજાબની વર્ધમાન ટેક્સટાઈલ્સ કંપનીમાં બિઝનેસ હેડ તરીકે ફરજ બજાવતા કચ્છી સારસ્વત બ્રાહ્મણ નૈલેશ જી. જોષીએ ડૉક્ટરોના કવચ એવા પીપીઈ ગાર્મેન્ટ ઉત્પાદનનું મશીન વિકસાવ્યું છે. આ મશીન બજારમાં ચાઈનીઝ મશીનની અડધી જેટલી કીમતમાં ઉપલબ્ધ થશે.

**પ્રકાશ-સમીક્ષાના ડિઝીટલ અંક માટે જાહેરાતો આવકાર્ય છે.**

**મુકેશ ભવાનજી લોડાયા - 9821154326**

## સખીવૃંદ પુણે



ચાંદની અમિત લોડાયાની મીટિંગ તા. ૧૪ જૂન ૨૦૨૦, ગૂગલ મીટ પર થઈ. વિષય ઘર અંગણા ની સજાવટ માટે તોરણ બનાવવાનો હતો. ઘર આંગણે લટકતા તોરણ, મહેમાનોની અને લક્ષ્મીજીના આવકાર માટે તેમજ ઘરની સજાવટ તરીકે વપરાય છે તેમાં વપરાતા લાલ અને લીલા રંગ શુભ અને હકારાત્મક ઊર્જા ના પ્રતીક રૂપે વપરાય છે તેવી સમજ આપી.

બજારમાં મળતા મોઘાં મોતી તોરણ, ફેન્સી તોરણ ટિસ્યૂ તોરણ ઓછા દરે ઘરે સરળતાથી બનાવી શકાય છે અને તેમાં વપરાતી દરેક નાની વસ્તુઓની વિસ્તાર પૂર્વક માહિતી આપી તે સાથે જ તેમણે બનાવેલ જુદા જુદા તોરણ અને વ્યાપારનો દ્રષ્ટિકોણ સૌ સમક્ષ પીપીટી દ્વારા રજૂ કર્યો.

ચાંદનીએ મોતીતોરણ બનાવતા મોતીની ગોઠવણ ,સૌ પ્રથમ તેનો બેજ બનાવવા કેન્વાસ અને સિલ્ક કપડાંની ગોઠવણ, અને હેંગિંગ ક્લિપની ગાંઠ સફાઈપૂર્વક કેવી રીતે કરવી, ઊનના તોરણ માટેના ઊનના ફ્લાવર, ટિસ્યૂ તોરણ માટેના ટિસ્યૂ ફ્લાવર સરળતાથી કેવી રીતે બનાવવા, તે સાથે જ પ્લાસ્ટિક બેગેમાંથી સુંદર લટકણ બનાવી ને પ્રદર્શિત કર્યા.

આ રીતે ચાંદની એ મોતી, ટિસ્યૂ, ઊન અને ફેંન્સી તોરણોનું સૌ સખીઓ સમક્ષ મનમોહક પ્રત્યક્ષીકરણ કર્યું. અને સખીઓને જરૂરથી ઘરે જ તોરણ બનાવજો એવો આગ્રહ કર્યો. અંતમાં લેખાં માલદેએ ચાંદની લોડાયાનો આભાર વ્યક્ત કર્યો.

## માન

**– જયકાંત મોતા,** ઘાટકોપર-તેરા, 9819628382

માન અપમાન થી માણસ રહે છે પરેશાન, કામ છે તો નામ છે અને નામ છે તો શાન છે, શાન છે તો માન છે, તો પછી શા માટે માનવ બને છે બેઈમાન !!!

ઘણાં વ્યક્તિઓએ જીવનમાં માન ને ખૂબજ અગત્યતા આપી હોય છે. માન જાણે તેમનું સર્વસ્વ હોય તેમ તેઓ વર્તે છે. જીવનનું ધ્યેય જ તેમના માટે માન-સન્માન હોય છે. યેનકેન પ્રકારેણ તેઓ માન મેળવવામાં જ રચ્યા પચ્યા હોય છે, અને પારવધા થઇ ગયા હોય છે. માન મેળવવા તેઓ કોઇ પણ હદે જઇ શકે છે. પૈસો, દાદાગીરી, લાગવગ, ઇમોશનલ બ્લેકમેલીંગ વગેરે વગેરે દરેક ઉપાયોની અજમાઇશ તેઓ માન મેળવવા કરે છે. જાણે માનના તેઓ લોભીયા જ ન હોય ? આનાથી ઉલટું ઘણા વ્યક્તિઓ આવા માનના લોભીયાઓને નીચોડવામાં પણ કસર નથી રાખતા. કહેવાય છે ને કે જ્યાં લોભીયા હોય ત્યાં ધુતારાઓ ભૂખે ન મરે. તેઓ પણ માનના સોદામાં પૈસાથી નીચોવી નાખે છે અને પોતાનું ધાર્યું કામ માન આપવાના બદલામાં મેળવી લેતા હોય છે.

માન સામેથી મળે એ માનની કિંમત કાંઇક ઓર જ હોય છે. ઘણાં વ્યક્તિઓનો પ્રભાવ જ એવો હોય છે કે તેઓ જ્યાં જાય ત્યાં તેમને સામેથી આવકાર મળતો હોય છે. લોકો તેમના કામ અને નામની ખરેખર કદર કરતા હોય છે.

આ સંસારમાં ઘણા જણાં માનના મામલામાં બેઈમાન હોય છે. તેમની આવડત, સમજ, સ્વભાવ કે હેસીયત એકદમ વિપરીત હોવા છતાં તેમને માન મેળવતા વાર નથી લાગતી. કદાચ આપણે તેને તેમના સારા કર્મોનો ઉદય સમજીયે. છતાંય જૈન ધર્મ તો આ માન ને કર્મો બાંધવાનો એક કષાય જ માને છે. એટલે જ માન-અપમાન ને અવગણિ ને આપણે કેટલા કર્મો માંથી બચી શકીએ છીએ. પણ નામના, પ્રતિષ્ઠાના ભોગે, આ બધું સમજવું અતિ અઘરૂં છે. ખેર, માન ને માન ન આપી અપમાનના ઘુંટડા ભરીને જેઓ પોતાનું જીવન શાંતિથી વિતાવે છે તેમને ખરેખર સલામ છે. શું માનનું માન જાળવવા આપણે બેઈમાન થતાં અટકીશું ???


**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**

**રાજ નીકેતન બિલ્ડીંગ, ભંડારકર રોડ,પોસ્ટ ઑફીસની સામે, માટુંગા. ફોન : 2402 5070 / 86522 39537**

**હાથ અને મશીન ભરતની ભારે ફેન્સી સાડીઓ અને લખનૌ ભરતની કુર્તીઓ.** સોમવાર બંધ

## નવા/બદલાયેલા સરનામા/ફોન – (પુરૂ નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| મેહુલ લાલજી હંસરાજ મોતા<br>(PS 7135) ગામ – રાપર | પ્લોટ નં. 79/E, વૉર્ડ નં. 9B/D, ન્યુ આદીનાથ સોસાયટી, ગાંધીધામ, કચ્છ,<br>ગુજરાત ૩૭૦ ૨૦૧ મો.: **06353269867** |
| ભાવેશ નવીન હરસી વોરા<br>(PS 7251) ગામ – ગોએરસમા | 1601, બ્વાન્કા વાટવા એટમોસ્ફીયર, મુલુંડ-ગોરેગામ લીંક રોડ, મુલુંડ (વેસ્ટ),<br>રજીસ્ટ્રેશન ઓફિસની સામે, મુંબઈ -૪૦૦ ૦૮૦. મો.: **09833639717** |
| શ્રીમતી પુષ્પા કીશોર વેરસી ધુલ્લા<br>(PS 2558) ગામ – ભારૂડીયા | B-703, બ્વાન્કા એટમોસ્ફીયર, મુલુંડ-ગોરેગામ લીંક રોડ, મુલુંડ (વેસ્ટ),<br>મુંબઈ -૪૦૦ ૦૮૦. મો.: **09892755508** |
| મોહિત હિરાચંદ ડુંગરશી દંડ<br>(PS 7389) ગામ – તેરા | ૩જે માળે, T1, આદીનાથ એનેક્ષ, અરિહંત કોલોની, કેશવપૂર, હુબલી<br>કર્ણાટક – ૫૮૦ ૦૨૩ મો.: **08073558008** |
| શરદ રતનશી રાવસી શાહ (લોડાયા)<br>(PS 684) ગામ – મોટી ખાવડી | 701-702, 7 મા માળે, શ્રીપદી જ, કાનૂન્ગો કો.હા.સો., રોયલ કોમ્પલેક્ષ,<br>પુનમ સાગર રોડ, અયપ્પા મંદિર પાસે, મીરા રોડ (ઈસ્ટ), મહારાષ્ટ્ર – ૪૦૧ ૧૦૭.<br>મો.: **09224445750** |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૨-૦૫-૨૦ | રાયપુર | જય, પ્રીતિ ઉજ્જવલ ઉપેન્દ્ર ધરમશી | નલીયા | પુત્ર |
| ૧૧-૦૬-૨૦ | U.S.A. | શ્લોક, ભૂમિકા ગુંજન નિલેશ શિવાલ | જખૌ | પુત્ર |
| ૧૫-૦૬-૨૦ | જાલના | દિવ્યાંશ, ખુશ્બુ પુનિત દિનેશચંદ્ર ધરમશી | નલીયા | પુત્ર |
| ૧૬-૦૬-૨૦ | અહમદનગર | આગમ, મયુરીમા નિલેશ ચેતનકુમાર લાલજી લોડાયા | રાપરગઢવારી | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૦૬-૨૦ | ડોંબીવલી | દીપ અતુલ સોમચંદ લાલકા | વારાપધર | ૩૦ |
| | થાણા | ઊર્વિ નીરિન મુલચંદ લોડાયા | નલીયા | ૨૭ |
| ૨૨-૦૬-૨૦ | ચેન્નાઈ | નેવિલ પ્રફુલ ઉમરશી મોતા | સુથરી | ૩૦ |
| | જલગામ | કરિશ્મા દિપક પ્રેમચંદ લોડાયા | નાની ખાવડી | ૨૮ |

### આંતરજ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૬-૨૦ | રાજકોટ | અભિષેક લલિત પાશ્વીર ધુલ્લા | ભારૂડીયા | ૨૩ |
| | રાજકોટ | હિમાની દર્શક રમેશભાઈ દવે | રાજકોટ | - |
| ૦૭-૦૬-૨૦ | બેંગલોર | ઊર્મિલ સંજીવ જવેરચંદ શાહ | હાલાપુર | ૩૦ |
| | હુબલી | ઊર્વશી (મીના) મહેશ નવીનચંદ્ર ખોના | મોટી ખાવડી | ૨૮ |
| ૨૨-૦૬-૨૦ | ધુલિયા | વરૂણ કેતન ઠાકરશી ગોસર | ગોએરસમા | ૩૨ |
| | ચાલસગાંવ | સારિકા હિરાલાલ કચરદાસ સંકલેચા | તિવરી-મથાલીયા | ૨૮ |
| ૨૩-૦૬-૨૦ | ખાડોલ | દીપ મહેશ રતિલાલ પટેલ | મહેસાણા | - |
| | અંકલેશ્વર | કિંજલ ભરત માણેકજી મોમાયા | વરાડીયા | ૨૫ |

CDO Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Date of Publication every month 5th & 20th
Postal Regd. No. MCS/217/2018-2020 WPP Licence No. MR/Tech/WPP-352/South/2018-20
Posting : 8/9 & 23/24 of Every Month Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૦૬-૨૦ | ભાવનગર | નીરવ મુકેશ હેમેન્દ્ર લાપસિયા | નલિયા | - |
| | ભાવનગર | પલક વિજય જમનાદાસ શાહ | ભાવનગર | ૨૭ |
| ૨૫-૦૬-૨૦ | ધુલિયા | સુશ્રુત અભય જોશી | ભિંડી | - |
| | ધુલિયા | અક્ષિતા પંકજ લક્ષ્મીકાંત મોમાયા | સાંયરા | ૨૮ |

## મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૦૬-૨૦ | મુલુંડ | ચીમનલાલ જીવરાજ દામજી કારાણી (દંડ) | સુથરી | ૮૫ |
| ૧૬-૦૬-૨૦ | ડોંબીવલી | પ્રવીણ ભવાનજી લાપસીયા | દહીંસરા | ૫૩ |
| ૧૮-૦૬-૨૦ | વિરાર | વિજયાલક્ષ્મી (સોનબાઈ) લક્ષ્મીચંદ માણેકજી ગોશર | ગોએરસમા | ૭૨ |
| ૨૦-૦૬-૨૦ | મુલુંડ | સુશીલાબેન નવીનચંદ્ર ગોશર | બારોઈ | ૬૨ |
| ૨૦-૦૬-૨૦ | દુબઈ | મેઘનાબેન મુલરાજ કેશવજી ધરમશી (ઝવેરી) | જખૌ | ૪૧ |
| ૨૧-૦૬-૨૦ | ભાંડુપ | પ્રભાવંતી પ્રેમચંદ લધુભાઈ લોડાયા | મોટી સિંધોડી | ૭૪ |
| ૨૪-૦૬-૨૦ | ભાંડુપ | શશીકલા શ્રીકાન્ત ચીમનલાલ ધરમશી | સુથરી | ૭૫ |
| ૨૬-૦૬-૨૦ | વડોદરા | સન્દીપ અરૂણ હિરાચંદ નાગડા | નલીયા | ૪૪ |
| ૨૬-૦૬-૨૦ | મસ્જિદબંદર | હરીશ રાયચંદ કરમશી પૂત્રા | રંગપુર | ૬૩ |
| ૨૬-૦૬-૨૦ | પૂના | કુલીનકાંત જેઠાભાઈ ખોના | તેરા | ૮૩ |
| ૨૮-૦૬-૨૦ | ખરડી | ભારતી દિલીપ વેલજી નાગડા | રંગપુર | ૫૨ |
| ૨૮-૦૬-૨૦ | સેન્ડહર્સ્ટ રોડ | રજનીબેન હંસરાજ ડાઘા | વરાડીયા | ૬૫ |
| ૨૮-૦૬-૨૦ | વિરાર | ભાગ્યવંતી લક્ષ્મીચંદ ગાંગજી નાગડા | મોટી ખાવડી | ૭૯ |
| ૨૯-૦૬-૨૦ | મસ્જિદબંદર | ચંદુલાલ પુનશી કુંવરજી નાગડા (પંચારીયા) | જખૌ | ૮૭ |
| ૨૯-૦૬-૨૦ | મુલુંડ | સોમચંદ નરશી કાનજી દંડ | વાયા | ૮૨ |
| ૩૦-૦૬-૨૦ | વડાલા | સુશીલાબેન ચંદુલાલ કુંવરજી ધરમશી | સુથરી | ૭૦ |
| ૩૦-૦૬-૨૦ | ભાડગરા | દક્ષાબેન દિલીપ પુનશી ધરમશી | સુથરી | ૫૮ |

## મયુર લોડાયાને કોરોના વોરિયર પ્રશસ્તી




ઘાટકોપર (પૂર્વ) વિધાનસભા મતદાર સંઘના કોરોના - ૧૯ પેન્ડેમિક વોરિયર તરીકે ઉત્કૃષ્ટ કામગીરી બજાવવા બદલ બીજેપી ટીમ પી.એસ. ૧૦૦૮ના શ્રેષ્ઠ વોલન્ટીયરની ધારાસભ્ય પરાગ શાહ તરફથી પ્રશસ્તી કરવામાં આવી છે.

Exclusive Embroidery & Upto date Finishing
Sachi Jari Mate Real Nam
જ્યોતિ
SILK SAREE EMPORIUM
૨૮, મની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / 93222 58574 Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

Printed, Published & Edited by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS**, 314, Mathuradas Mill Compound, N.M. Joshi Marg, Lower Parel, Mumbai - 400 013. and Published from 13A, 29/41, Tamarind Lane, Rajabahadur Compound, Fort, Mumbai - 400 001.